dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 24 | AD - 2024, Aaso Vad - 08 | Thursday, Dt.24-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### રશિયાના કઝાન શહેરમાં ચાલી રહેલ બ્રિક્સ સમિટમાં ચીન, ભારત, યુએઈ જેવા ઘણા મોટા દેશોએ ભાગ લીધો છે

# બ્રિક્સ સમિટ : આતંકવાદ પર ચિંતા વ્યક્ત કરતા પ્રધાનમંત્રી મોદી

(એ.આર.એલ),મોસ્કો,તા.૨૩

રશિયાના કઝાન શહેરમાં ચાલી રહેલ બ્રિકસ સમિટમાં ચીન, ભારત, યુએઈ જેવા ઘણા મોટા દેશોએ ભાગ લીધો છે. આ કોન્ફરન્સને સંબોધતા પીએમ મોદીએ આતંકવાદ, જળવાયુ પરિવર્તન અને વૈશ્વિક પડકારો પર ચિંતા વ્યક્ત કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે આજે વિશ્વ યુદ્ધ, આર્થિક અનિશ્ચિતતા, જળવાયુ પરિવર્તન અને આતંકવાદ જેવા અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે.

અમારી બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે વિશ્વ યુદ્ધ, સંઘર્ષ, આર્થિક અનિશ્ચિતતા, જળવાયુ પરિવર્તન, આતંકવાદ જેવા અનેક પડકારોથી ઘેરાયેલું છે. વિશ્વમાં ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમના વિભાજનની વાત થઈ રહી છે અને ટેક્નોલોજીના યુગમાં સાયબર સિક્યુરિટી, ડીપ ફેક, ડિસઈન્ફોર્મેશન જેવા નવા પડકારો સામે આવ્યા છે.

મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બ્રિક્સે આ તમામ પડકારોનો સામનો કરવા રચનાત્મક ભૂમિકા ભજવવી જોઈએ. તેમણે કહ્યું હતું કે બ્રિક્સને એક જૂથ તરીકે જોવું જોઈએ જે જનહિતમાં કામ કરે છે, વિભાજનકારી શક્તિ તરીકે નહીં. અમે એવી પરિસ્થિતિમાં છીએ જ્યાં બ્રિક્સ પાસેથી ઘણી અપેક્ષાઓ છે. હું માનું છું કે બ્રિક્સ, એક વૈવિધ્યસભર અને સર્વસમાવેશક મંચ તરીકે, તમામ મુદ્દાઓ પર સકારાત્મક ભૂમિકા ભજવી શકે છે. આપણો અભિગમ લોકો પર કેન્દ્રિત રહેવો જોઈએ. આપણે વિશ્વને સંદેશ આપવો જોઈએ કે બ્રિકસ એ વિભાજન કરનાર નથી પરંતુ જાહેર હિતનું જૂથ છે.

આ સાથે પ્રધાનમંત્રીએ શાંતિ અને મુત્સદીગીરીના મહત્વ પર ભાર મૂક્યો અને કહ્યું કે બ્રિક્સ દેશોએ સુરક્ષિત અને સમૃદ્ધ ભવિષ્ય માટે સાથે મળીને કામ કરવું જોઈએ. તેમણે કહ્યું કે અમે સંવાદ અને



મુત્સદીગીરીનું સમર્થન કરીએ છીએ, જે રીતે અમે સાથે મળીને કોવિડના પડકારને પરાસ્ત કર્યો છે, તેવી જ રીતે, આપણે સાયબર સુરક્ષા, સલામત અને વિશ્વસનીય AI માટે વૈશ્વિક નિયમો માટે કામ કરવું જોઈએ. અમે આવનારી પેઢીઓ માટે સુરક્ષિત, મજબૂત અને સમૃદ્ધ ભવિષ્ય માટે નવી તકો ઊભી કરવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ છીએ.

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે ભારત નવા દેશોને આવકારવા તૈયાર છે, પરંતુ એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવે અને સ્થાપક સભ્યોના વિચારોનું સન્માન કરવામાં આવે. તેમણે કહ્યું કે ભારત બ્રિક્સ ભાગીદાર દેશ તરીકે નવા દેશોનું સ્વાગત કરવા તૈયાર છે. આ અંગેના તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવા જોઈએ અને બ્રિક્સના સ્થાપક સભ્યોના વિચારોનું સન્માન કરવું જોઈએ.

વડાપ્રધાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ, બહુપક્ષીય વિકાસ બેંકો અને વિશ્વ વેપાર સંગઠન જેવી વૈશ્વિક સંસ્થાઓમાં સુધારાની હાકલ કરી હતી. તેમણે કહ્યું કે બ્રિક્સનો ઉદ્દેશ્ય આ સંસ્થાઓને બદલવાનો નથી, પરંતુ તેમને વધુ સમાવિષ્ટ અને અસરકારક બનાવવાનો છે. મોદીએ કહ્યું કે આપણે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ, બહુપક્ષીય વિકાસ બેંકો, વિશ્વ વેપાર સંગઠન જેવી વૈશ્વિક સંસ્થાઓમાં સુધારા માટે સમયસર આગળ વધવું જોઈએ. બ્રિક્સના પ્રયાસોને આગળ વધારતી વખતે, આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે આ સંગઠનની છબી એવી ન હોવી જોઈએ કે આપણે વૈશ્વિક સંસ્થાઓમાં સુધારો કરવા માંગતા નથી પરંતુ તેમને બદલવા માંગીએ છીએ. કઝાન એક્સ્પો સેન્ટર ખાતે બ્રિકસ સમિટના સત્રમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પોતાના સંબોધનમાં કહ્યું કે ૩૦ થી વધુ દેશોએ બ્રિક્સમાં સામેલ થવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે જૂથ કાર્યક્ષમતા જાળવવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બેઠકમાં તેના વિસ્તરણ અંગે ચર્ચા કરશે. બ્રિક્સ સમિટ દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મોટી જાહેરાત કરી છે. તેમણે એઆઈ ઉદ્યોગમાં નૈતિક ધોરણોને નિયંત્રિત કરવા અને સ્થાપિત કરવા માટે બ્રિકસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જોડાણ બનાવવાનું આહ્‌વાન કર્યું હતું. આ સાથે, રશિયન રાષ્ટ્રપતિએ બ્રિક્સ અનાજ વિનિમયનો પ્રસ્તાવ મૂક્યો છે જે બજારને અટકળોથી બચાવવા સાથે ખેડૂતોને વાજબી કિંમતો પ્રદાન કરશે.

# રશિયન સબમરીન ‘ઉફા’નું ભારતમાં આગમન : ભારતીય નૌકાદળે સ્વાગત કર્યું

**ઉફા સબમરીનને સાયલન્ટ કિલર પણ કહેવામાં આવે છે**



નવી દિલ્હી,તા.૨૩

રશિયન સબમરીન ઉફા મંગળવારે રાત્રે કેરળનાં કોચી બંદરે પહોંચી હતી, જેનું ભારતીય નૌકાદળ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સંરક્ષણ જનસંપર્ક અધિકારીએ સ્વાગતની તસવીરો શેર કરી હતી. ભારતીય દરિયાકાંઠે રશિયન સબમરીનનું ડોકીંગ એવા સમયે થયું છે જ્યારે પીએમ મોદી ૧૬મી બ્રિક્સ સમિટ માટે રશિયાની બે દિવસની મુલાકાતે છે. ભારત પહોંચેલી ઉફા સબમરીનને સાયલન્ટ કિલર પણ કહેવામાં આવે છે. વાસ્તવમાં, સબમરીન ઉફા કોઈપણ અવાજ કર્યા વિના પાણીની અંદર તેની કામગીરી કરી શકે છે. ઘણી બાબતોમાં તેને અમેરિકાની સૌથી અદ્યતન સબમરીન કરતાં વધુ સારી માનવામાં આવે છે.

# ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા : IMF

ન્યુ દિલ્હી,તા.૨૩

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) એ ફરી એકવાર ભારતની પીઠ થપથપાવી છે.

આઈએમએફના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે અને દેશના આર્થિક ફંડામેન્ટલ્સ સારા છે. આઈએમએફના એશિયા પેસિફિક વિભાગના ડાયરેક્ટર કૃષ્ણા શ્રીનિવાસને જણાવ્યું હતું કે ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. અમે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સાત ટકા વૃદ્ધિની આગાહી કરી છે, જેને ગ્રામીણ વપરાશમાં રિકવરી દ્વારા ટેકો આપવામાં આવ્યો છે કારણ કે પાક સાનુકૂળ રહ્યો છે. કેટલીક વધઘટ હોવા છતાં, ખાદ્યપદાર્થોના ભાવ સામાન્ય થવાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ફુગાવો ઘટીને ૪.૪ ટકા થવાની ધારણા છે. અન્ય ફંડામેન્ટલ્સના સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે, ચૂંટણી હોવા છતાં રાજકોષીય એકત્રીકરણ ટ્રેક પર છે. અનામતની સ્થિતિ એકદમ સારી છે. મેક્રો ફંડામેન્ટલ્સ સામાન્ય રીતે ભારત માટે સારા છે.

# કેન્દ્રને સુપ્રીમનો ઝટકો : આલ્કોહોલ પર કરવેરા લાદવાની સત્તા રાજયોને રહેશે

નવી દિલ્હી, તા.૨૩



સુપ્રીમ કોર્ટે એક મહત્વના ચૂકાદામાં ઔદ્યોગિક આલ્કોહોલ પર નિયમન અને કરવેરા લાદવાની સત્તા રાજ્યોને હોવાનું જણાવીને ૧૯૯૭ના તેના જ ચુકાદાને રદ કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે અન્ય શરાબની જેમ ઔદ્યોગિક ઉપયોગમાં લેવાતા આલ્કોહોલને નિયમન કરવાની અને તેના પર કરવેરા લાદવાની સત્તા રાજ્ય સરકાર પાસે છે. અગાઉ સર્વોચ્ચ અદાલતે એક ચુકાદામાં ખનીજ પર લીઝ અને વેરા નાખવાનો હક્ક પણ રાજ્યને આપ્યો હતો અને આ ચુકાદામાં તે સંદર્ભમાં જણાવ્યું કે અન્ય કાચા માલ-સામાનની જેમ ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલ પણ રાજ્યની સત્તામાં આવે છે અને કેન્દ્ર તેમાં કોઈ પ્રકારે નિયમન કે દરમ્યાનગીરી કરી શકે નહીં. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળની ૯ જજોની ખંડપીઠે ૮-એ આ ચૂકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે એન્ટ્રી ૮ લીસ્ટ-૨માં જે ઔદ્યોગિક પદાર્થો આવે છે તેમાં ઈન્ડસ્ટ્રીઅલ આલ્કોહોલનો પણ સમાવેશ થાય છે અને તે બીનઝેરી લીકરની વ્યાખ્યામાં આવે છે. આ પ્રકારની વ્યાખ્યામાં સામાન્ય શરાબ અને અન્ય પીણાનો સમાવેશ થાય છે. જો કે ન્યાયમૂર્તિ નાગરત્ન તેમના ચુકાદામાં અલગ પડ્યા હતા અને જણાવ્યું હતું કે રાજ્ય પાસે આ પ્રકારની પુરતી સત્તા જાણકારી પણ નથી.



















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા.૨૪-૧૦-૨૦૨૪

# અમરેલી જિલ્લા સ.ખ.વે.સંઘ લી.ના ફટાકડા મોલનું દિલીપ સંઘાણીના હસ્તે ઉદ્‌ઘાટન

અમરેલી, તા.૨૩

દિવાળીના તહેવારમાં અમરેલી જિલ્લા સ.ખ.વે.સંઘ લી. દ્વારા નહીં નફો – નહીં નુકસાનના ધોરણે શિવાકાશીની પ્રખ્યાત કંપનીઓના સારી ક્વોલિટીના ફટાકડાનું વેચાણ કરવામાં આવે છે. અમરેલી જિલ્લા સ.ખ.વે.સંઘ લી. ફટાકડાનો સ્ટોલ ઘણા વર્ષોથી દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શન દ્વારા વિતરણ વ્યવસ્થા કરે છે. આ



ઉદ્‌ઘાટન પ્રસંગે સંઘના ચેરમેન જયંતિભાઈ પાનસુરીયા, અમરેલી જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનિષભાઈ સંઘાણી, અમરેલી નાગરિક બેંકના ચેરમેન જયેશભાઈ નાકરાણી, જિ.સ.ખ.વે.સંઘના ઉપપ્રમુખ દિપકભાઈ માલાણી, હિરજીભાઈ નારોલા, જિલ્લા બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ, બેંકના ડિરેક્ટર પીયુષભાઈ શુકલ, બેંકના એમ.ડી. કોઠિયા, અમરેલી શહેર ભાજપના પ્રમુખ ભાવેશભાઈ સોઢા, ઋજુલભાઈ ગોંડલીયા હાજર રહેલ હતા. તમામ મહાનુભાવોને સંઘના મેનેજર સુરેશભાઈ સંઘાણી અને જિલ્લા સંઘના ફટાકડા વિભાગના સ્ટાફે આવકારેલ અને ફટાકડાનો સ્ટોલ ખુલ્લો મુકવામાં આવેલ હતો.

# સલડી ગામે ૯૦૦ વીઘાના તળાવના નવીનીકરણ માટે રૂ. ૨.૪૨ કરોડ મંજૂર

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલા-લીલીયા પંથકમાં ખેડૂતો માટે બારે માસ ખેતી કરવાના સ્વપ્નને સાકાર થઈ શકે તે માટે લીલીયાના સલડી ગામે ૯૦૦ વિઘાના તળાવના નવીનીકરણ માટે સરકારની રૂ. ૨.૪૨ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ચૂંટણી સમયે આપેલા વચનોને પાળી બતાવવા માટે સતત ગાંધીનગર મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ અને સચિવાલયમાંથી આ મંજૂરી મેળવી હતી. સલડી આસપાસના ૧૮ ગામડાઓનાં પાણીના તળ ઉંચા આવે અને ખેડૂતોના બારેમાસ ખેતી કરવાના સ્વપ્નો સાકાર થાય તેવા પ્રયત્નો સફળ થયા છે. ૨.૪૨ કરોડ જેવી માતબર રકમની સૈદ્ધાંતિક મંજૂરી



મળતાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાને આભાર વ્યક્ત કર્યો હતો. સાથે સાથે ખેડૂતોના હિત અને ખેડૂતો પ્રત્યે સંવેદનશીલ સરકાર દ્વારા તળાવ સાથે આસપાસના ગામડાઓની ખેતી સધ્ધર થાય તેવા અભિગમને પણ વધાવવામાં આવ્યો હતો. લીલીયા પંથકના ખેડૂતોએ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની કાર્યદક્ષતાને બિરદાવી હતી.

# ચલાલામાં શિવસાંઈ રાહત દરે ભોજનાલયનો પૂ. મહાવીરબાપુના હસ્તે પ્રારંભ થયો

ચલાલા, તા.૨૩



દાનેવધામ ચલાલામાં શ્રી મોગલ મા માનવ સેવા ટ્રસ્ટ દ્વારાસંચાલિત ×શિવસાંઈ રાહત દરે ભોજનાલય×નો લઘુ મહંત પૂજ્ય મહાવીરબાપુના હસ્તે સંતો મંહતો અને મહાનુભવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને પ્રારંભ કરાયો હતો. ચલાલા પંથકના વૃદ્ધો, નાના ધંધાર્થીઓ, મજૂરીકામ કરતા ભાઈઓ, શારીરિક અશક્ત લોકો, એકલ-દોકલ રહેતા પરિવારો, વેપાર માટે બહારથી આવતા સેલ્સમેનો સહિતનાઓને એકદમ રાહત ભાવે માત્ર રૂ. ૫૦માં શુધ્ધ, સાત્વિક ભરપેટ અનલિમિટેડ ભોજન પ્રસાદ સરળતાથી મળે તેવું ટ્રસ્ટ દ્વારા આયોજન કરાયું છે.

# સાવરકુંડલામાં કેન્દ્રીય મંત્રી અમિત શાહના જન્મદિવસની ભાજપ સંગઠન દ્વારા ઉજવણી

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલામાં માનવમંદિર ખાતે આજે ભારતીય જનતા પાર્ટીના શહેર તાલુકાના કાર્યકર્તા દ્વારા કેન્દ્રિય મંત્રી અમિતભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સૂચના મુજબ મીઠાઈનું મનોરોગી બહેનોને વિતરણ કરવામાં આવેલ. આ તકે અમરેલી જિલ્લા ઉપાધ્યક્ષ શરદભાઈ પંડ્યા, સાવરકુંડલા નગરપાલિકા



પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતીકભાઈ નાકરાણી, સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા, નગરપાલિકા સદસ્ય તથા સંગઠનના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ કાર્યકર્તાને માનવમંદિરના ભક્તિરામબાપુ દ્વારા આવકારી સ્નેહભર્યું સ્વાગત કરવામાં આવેલ. મનોરોગી બહેન અંશુ ગુપ્તાએ અમિતભાઈ શાહને તેમના મધુર અવાજમાં જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. માનવમંદિરના પૂ. ભક્તિરામબાપુ દ્વારા પણ અમિતભાઈ શાહને જન્મદિવસ નિમિત્તે આશીર્વાદ પાઠવવામાં આવેલ.

# લાઠીની વિરપુર પ્રા. શાળામાં પ્રિન્ટર, CCTVનું દાન અપાયું

**સ્વ. કાલીદાસ છગનભાઈ પારેખ (હસ્તે હાર્દિકભાઈ મધુકાંતભાઈ પારેખ) દ્વારા દાન અર્પણ કર્યું**



લાઠી, તા.૨૩

લાઠીની વિરપુર પ્રાથમિક શાળામાં સ્વ. કાલીદાસ છગનભાઈ પારેખ (હસ્તે હાર્દિકભાઈ મધુકાંતભાઈ પારેખ) તરફથી પ્રિન્ટર નંગ- ૧ તથા બંસીધરભાઈ રતિલાલ મહેતા (સાધુ) અમરેલી વાળા (હસ્તે જીજ્ઞેશભાઈ) બંને હાલ મુંબઈ તરફથી C.C.T.V. કેમેરા નંગ-૩ દાન મળ્યા હતા. જેને લઈ વિરપુર પ્રાથમિક શાળા પરિવાર અને સૌ ગ્રામજનાએ દાતાઓનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

# ચેક રીટર્ન કેસમાં આરોપીને સજા કરાવતા ઉદયન ત્રિવેદી

અમરેલી, તા.૨૩

અમરેલીમાં રહેતા ફરિયાદી આશિષભાઈ રાવળે તેમના મિત્ર ભરત પરશોતમ કારટીયાને મિત્રતાની રૂએ રૂા.૩૦ લાખ હાથ ઉછીના આપ્યા હતાં. આ રકમ પરત કરવા ભરત કારટીયાએ એચડીએફસી બેંકનો ચેક આપ્યો હતો. આ ચેક અપૂરતી બેલેન્સને કારણે પરત ફરતા ફરિયાદીએ ભરત કારટીયા વિરૂધ્ધ ચેક



રીટર્નની ફરિયાદ દાખલ કરી હતી. જો કે આરોપી ભરત કારટીયાએ ફરિયાદી સામે ખોટી વ્યાજ વટાવની ફરિયાદ આપેલી. ત્યારબાદ આરોપીએ ફરીવાર ફરિયાદી ફોનમાં ગાળો આપતાં હોય તેવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે બંને પક્ષોને સાંભળી તમામ પુરાવાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપી ભરત કારટીયાને એક વર્ષની સજા અને રૂા.૪૫ લાખ ચૂકવવાનો હુકમ કર્યો હતો. ફરિયાદી તર્ફે સિનિયર એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદી રોકાયેલ હતા.

**ધારાસભ્ય કૌશિક વેકરીયા, ખોડલધામ સમિતિની ટીમ સહિતનાઓની હાજરીમાં**

# રાજસ્થળી ગામે સરદાર પટેલના સ્મારકનું લોકાર્પણ

અમરેલી,તા.૨૩

અમરેલીના રાજસ્થળી ગામે સરદાર પટેલ સ્મારકનું અનાવરણ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિના કન્વીનર સુરેશભાઈ દેસાઈ, ટ્રસ્ટી રમેશભાઈ કાથરોટિયા, કાળુભાઈ સુહાગિયા સહિતની







સમગ્ર ખોડલધામ ટીમ, અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ દિનેશભાઈ ભુવા અને સમાજના અગ્રણીઓ, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, અગ્રણી ઉદ્યોગપતિઓ અને ગ્રામપંચાયતની સમગ્ર ટીમ અનાવરણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. સાથોસાથ સરપંચ ગણપતભાઈ સેંજલીયા અને ગ્રામજનો પણ હાજર રહ્યા હતા.

# ધારીમાં લાયન્સ ક્લબ દ્વારા પાંચમો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ધારી, તા.૨૩

લાયન્સ ક્લબ ઓફ અમરેલી, ધારી તાલુકા વિશ્વ હિન્દુ પરિષદ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે તા.૨૨-૧૦-૨૦૨૪ના રોજ ખેતલીયા દાદા મંદિર ખાતે પાંચમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. મુંબઈના રમાબેન અનિલભાઈ પારેખ પરિવારના આર્થિક સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં ડૉ. પલકબેન



મોદી અને તેમની ટીમે દર્દીઓની તપાસ કરી હતી. કેમ્પમાં મોતિયો, જામર, વેલ, પરવાળા, ત્રાંસી આંખ, કીકી, પડદા સહિતના રોગોની તપાસ કરવામાં આવી હતી. કુલ ૫૦ દર્દીઓએ લાભ લીધો હતો, જેમાંથી ૧૪ દર્દીઓને સુદર્શન નેત્રાલયમાં લઈ જઈ ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરાયું હતું. તમામ દર્દીઓના બ્લડ પ્રેશર અને બ્લડ સુગરની તપાસ કરાઈ હતી. ઉપરાંત ૧૧ વ્યક્તિઓને રાહત દરે ચશ્મા બનાવી આપવામાં આવ્યા હતા. નેત્ર જાળવણી અંગે ૫,૦૦૦ પત્રિકાઓનું વિતરણ કરાયું હતું. કેમ્પને સફળ બનાવવા લાયન્સ ક્લબના પૂર્વ પ્રમુખ પ્રા.એમ.એમ. પટેલ અને નિલેશભાઈ ભીલની ટીમે જહેમત ઉઠાવી હતી.

# અમરેલી જિલ્લા કિસાન કોંગ્રેસનો અનોખો વિરોધ: મગફળીના પાકનું બેસણું યોજાયું

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામે જિલ્લા કિસાન કોંગ્રેસ દ્વારા અનોખો વિરોધ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અતિવૃષ્ટિથી થયેલા નુકસાન સામે વિરોધ દર્શાવવા ખેડૂતોએ મગફળીના પાકનું બેસણું યોજ્યું હતું. સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા પંદર દિવસથી સતત વરસી રહેલા વરસાદને કારણે મગફળી, કપાસ અને સોયાબીન જેવા પાકોને વ્યાપક નુકસાન થયું છે. મગફળીના પાથરા સડી ગયા છે અને કેટલાક સુરવો ડેમમાં તણાઈ ગયા છે. કપાસના ઝીંડવા ખરીને નષ્ટ થયા છે, જ્યારે સોયાબીનનો પાક પણ પાક્યા પછી વરસાદથી નાશ પામ્યો છે. અમરેલી જિલ્લા કિસાન



કોંગ્રેસના પ્રમુખ સત્યમ મકાણીએ જણાવ્યું હતું કે, દેવામાં ડૂબેલા ખેડૂતોની સ્થિતિ વધુ કથળે તે પહેલાં સરકારે ચોમાસુ પાકોના નુકસાન માટે વિશેષ પેકેજ જાહેર કરવું જોઈએ. તેમણે વિઘા દીઠ નુકસાન ચૂકવવાની માગણી કરી હતી. આ સાથે મુખ્યમંત્રી, કૃષિમંત્રી અને ધારાસભ્યને ખેતીપાકના પાણીઢોળના મેલા લખી વિરોધ નોંધાવ્યો હતો. શિયાળુ પાક માટે પૂરતા પ્રમાણમાં ખાતરની વ્યવસ્થા કરવાની માગણી પણ કરવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com





નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવત્તાયુક્ત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

લાઠીના દુધાળા ગામે પ્રધાનમંત્રી તા. ૨૮ના રોજ આવનાર હોવાથી

# અમરેલી એસ.ટી. ડિવિઝન ૧૭૦ બસ ફાળવશે

**મોટાભાગના એસ.ટી.રૂટ બંધ રહેશે, મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડશે**

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામે આગામી તા.૨૮ના રોજ ભારત માતા સરોવરના લોકાર્પણ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમરેલી જિલ્લાના પ્રવાસે આવશે. આ કાર્યક્રમ બાદ જનસભા પણ યોજવામાં આવશે ત્યારે પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં જનમેદની એકત્ર કરવા માટે અમરેલી એસ.ટી. ડિવિઝનની ૧૭૦ બસ કાર્યક્રમમાં ફાળવવામાં આવશે તેમ એસ. ટી.ના સુત્રોમાંથી જાણવા મળ્યુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારે લાઠી તાલુકાના



દુધાળા ગામે આવનાર હોવાથી વહીવટીતંત્ર પ્રધાનમંત્રીના આગમનને લઈ સતર્ક બન્યુ છે. ભારત માતા સરોવરના લોકાર્પણ બાદ જનસભા યોજાનાર હોવાથી આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના ગામડા અને શહેરોમાંથી જનમેદની એકત્ર કરવા માટે અમરેલી એસ.ટી. ડિવિઝનની ૧૭૦ જેટલી બસ ફાળવવામાં આવશે.

૧૭૦ બસ પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં ફાળવવાથી મોટાભાગના લોકલ રૂટ બંધ રહેશ તો અમુક એક્સપ્રેસ રૂટને પણ બંધ રાખવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. જેથી સોમવારે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે. આ સમયે ખાનગી વાહનચાલકો બેફામ ભાડુ વસૂલી મુસાફરોના ખિસ્સા ખંખેરશે. કયા ડેપોમાંથી કેટલી બસ ફાળવવામાં આવશે તે હજુ નક્કી થયુ નથી પરંતુ સોમવારે મુસાફરોના લલાટે હાલાકી જોવા મળશે તે નક્કી છે.

# ચિત્તલ સરસ્વતિ વિદ્યામંદિર ખાતે નેત્ર નિદાન, દંતયજ્ઞ કેમ્પ યોજાશે

**કેમ્પનો લાભ લેવા જરૂરીયાતમંદ દર્દીઓને અનુરોધ કરાયો**

અમરેલી, તા.૨૩

અમરેલી તાલુકાના ચિત્તલ સરસ્વતિ વિદ્યામંદિર ખાતે આગામી શનિવારનાં રોજ નેત્ર નિદાન તથા દંતયજ્ઞ કેમ્પ યોજાશે. વશરામભાઈ દેવશીભાઈ પાનેલીયાનાં સહયોગથી તા.૨૬ના રોજ સવારે ૯:૩૦ કલાકે ૧૧૦મા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરેલ છે. આ કેમ્પનાં ઉદઘાટક તરીકે સુરેશભાઈ દેસાઈ રહેશે. જયારે પ્રમુખસ્થાને ગોપાલભાઈ વસ્તરપરા રહેશે. આ કેમ્પમાં ઉમેશભાઈ દુધાત અને યોગેશભાઈ ગણાત્રા સન્માનિત મહેમાન તરીકે હાજર રહેશે. આ કેમ્પનો લાભ લેવા ઈતેશભાઈ મહેતા, દિનેશભાઈ મેસીયા અને બિપીનભાઈ દવેએ જરૂરીયાતમંદ દર્દીઓને અનુરોધ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દર મહિનાની ૨૬ તારીખે સરસ્વતિ વિદ્યામંદિર ખાતે આ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

વિશિષ્ટ પ્રતિભા ધરાવતા ૯૦ બાળકોને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા

# બગસરા બ્રહ્મસમાજ દ્વારા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

બગસરા, તા.૨૩

બગસરા ખાતે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. મેઘાણીની ધરાના મુઠી ઊંચેરા અને બ્રહ્મસમાજના ભામાશા શાસ્ત્રી રમેશદાદાના અધ્યક્ષ સ્થાને તથા અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતાના ઉદ્ઘાટક પદે યોજાયેલા આ કાર્યક્રમમાં મહેમાનોનું રુદ્રાક્ષની માળા દ્વારા સ્વાગત કરાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં મંત્રી નંદલાલભાઈ બામટાએ સૌને આવકારી વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો, જ્યારે સમાજના પ્રમુખ કિરીટભાઈ જોશીએ કાર્યક્રમની રૂપરેખા અને વિકાસ કામોની માહિતી આપી હતી. આ પ્રસંગે બાલવાટિકાથી કોલેજ સુધીના



૧૪૫ વિદ્યાર્થીઓમાંથી વિશિષ્ટ પ્રતિભા ધરાવતા ૯૦ બાળકોને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સમાજને વિવિધ દાતાઓ તરફથી ભેટ સ્વરૂપે સામગ્રી પ્રાપ્ત થઈ હતી. કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. મેઘરાજાની મહેર વચ્ચે માતાજીના ગરબા અને રાસની રમઝટ સાથે લાઈવ નાસ્તા બાદ કાર્યક્રમ સંપન્ન થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુવા કથાકાર મેહુલભાઈ શાસ્ત્રીએ કર્યું હતું.

# સરકારી પીપળવા ગામે વાડીના ફરજામાંથી સનેડાની ચોરી


લાઠી, તા.૨૩

લાઠીના સરકારી પીપળવા ગામે એક ખેડૂતની વાડીના ફરજામાંથી અજાણ્યો ઈસમ સનેડાની ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. આ અંગે ગોરધનભાઈ વશરામભાઈ લીંબાસીયા (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, અજાણ્યો ચોર ઈસમ તેમની વાડીમાં ગેરકાયદે પ્રવેશ કરી વાડીના ખુલ્લા ફરજામાં મુકેલો સનેડો લઈ ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે સનેડાની કિં.રૂ.૫૧૦૦૦ જાહેર થઈ હતી. લાઠી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી. શિયાળ આ બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય, સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનાં કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




# બાબરા તાલુકામાં કમોસમી વરસાદથી ખેડૂતો મુશ્કેલીમાં

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લાના બાબરા તાલુકામાં કમોસમી વરસાદથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. તાલુકાના સુખપર, વાંકિયા, લાલકા સહિતના ગામોમાં ૧૮ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે.

બાબરા તાલુકા પંચાયતના સભ્ય વિનોદભાઈ રૂપાભાઈ ઝાપડીયાએ આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને રાહત પેકેજની માંગ કરી છે.

પત્રમાં તેમણે જણાવ્યું છે કે, કમોસમી વરસાદના કારણે ખેડૂતોના પાકને નુકસાન થતાં તેઓ આર્થિક સંકટમાં મુકાયા છે. જેથી સરકાર નુકસાનનો સર્વે કરાવીને રાહત પેકેજ જાહેર કરે તેવી માંગ કરવામાં આવી છે.

# શિયાળબેટમાં થાંભલામાં ફસાયેલો પતંગ કાઢતાં યુવકને વીજશોક લાગ્યો

**યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો**

જાફરાબાદ, તા.૨૩

જાફરાબાદના શિયાળબેટમાં દરિયા કિનારે એક યુવક પતંગ ચગાવતો હતો. આ સમયે પતંગ વીજળીના થાંભલામાં ભરાઈ જતાં લોખંડના સળીયાથી કાઢવા જતાં વીજશોક લાગ્યો હતો. નાનજીભાઈ મોહનભાઈ શિયાળ (ઉ.વ.૩૫) શિયાળબેટમાં દરિયા કિનારે પતંગ ચગાવતો હતો ત્યારે પતંગ વીજળીના થાંભલામાં ભરાઈ જતાં લોખંડના સળીયા વડે કાઢતો હતો. જે દરમિયાન શોક લાગતાં ઈજા થતાં તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. માઢ વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટૂઝ
• કેરાટીન • શાઈનર
• હાઈલાઈટસ • નેલ આર્ટ
• સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા
• બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ
• નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ – કિલો પૅકિંગમાં ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોન: ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે
અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં.એમએજી/કેસ નં.૬૨/૨૦૨૪ | તા.૨૨/૧૦/૨૦૨૪

શ્રી હંસાબેન મોહનભાઈ પરમાર
વા.ઓ. જીણાભાઈ દેવાભાઈ બારૈયા
રહે.જાંબુડી, તા.વિસાવદર ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી હંસાબેન મોહનભાઈ પરમાર, વા.ઓ. જીણાભાઈ દેવાભાઈ બારૈયા, રહે. જાંબુડી, તા. વિસાવદર એ તેમના પુત્ર રાહુલ જીણાભાઈ બારૈયાનો જન્મ તા.૨૦/૦૨/૨૦૧૧ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, વિસાવદર તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, વિસાવદર તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૨ મી ઓકટોબર ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર


કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(એન.બી. લાંઘણોજા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# કમોસમી વરસાદથી દિવાળીના તહેવારોમાં વેપાર ધંધામાં નુકસાન જવાથી ટેક્સમાં રાહત આપવા માંગ

**મુન્નાભાઈ મલકાણ અને મુકેશ રૂપારેલીયાએ રાજ્ય સરકારને રજૂઆત કરી**





બાબરા, તા.૨૩

કમોસમી વરસાદને કારણે અમરેલી જિલ્લામાં વેપારી આલમમાં ધંધા રોજગારમાં મંદીનો માહોલ હોવાથી ભારે નુકસાન જવાની પરિસ્થિતિ ઉભી થતા વેપારીભાઈઓમાં નિરાશાનો માહોલ છવાયો છે. દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા હોય અને વેપાર-ધંધામાં કોઈપણ પ્રકારની ઘરાકી આવેલ ન હોવાથી ભારે નુકસાન વેઠવું પડી શકે છે. જેથી વેપાર-ધંધાને લગતા ટેક્સમાં ગુજરાત સરકાર દ્વારા વેપારી આલમને રાહત આપવામાં આવે તેમ અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ મુન્નાભાઈ મલકાણ તથા મુકેશભાઈ રૂપારેલીયા દ્વારા માંગ કરવામાં આવી છે.

# લાઠીના આંબરડી ગામે દેવીપૂજક પરિવારને આકસ્મિક સહાય પેટે રૂ. ૨૦ લાખ ચુકવાયા



લાઠી,તા.૨૩

લાઠી તાલુકાના આંબરડી ગામે દેવીપૂજક પરિવારના પાંચ લોકો પર તાજેતરમાં વીજળી પડતા તેમના કમકમાટી ભર્યા મોત થયા હતા. આ અંગે લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ઘટનાસ્થળે પહોંચીને તુરંત જ સહાય ચુકવવામાં આવે તેવી અધિકારીઓને તાકીદ કરી હતી. આ ઘટનાના માત્ર ૪૮ કલાકમાં પીડિત પરિવારના વારસદારોને ૨૦ લાખની સહાય ચુકવવામાં આવી હતી. આ ઘટનામાં આંબરડી ગામના ખેતમજૂર ભારતીબેન ભાવેશભાઈ સાથળીયા, શિલ્પાબેન વિજયભાઈ સાથળીયા, રિદ્ધિબેન ભાવેશભાઈ સાથળીયા, રૂપાલીબેન દલસુખભાઈ વણોદીયા અને રાધે ભાવેશભાઈ સાથળીયાના મોત થયા હતા. તાલુકા અને જિલ્લા વહીવટી તંત્રની મદદથી મરણ પામેલા પાંચ લોકોના પરિવારને કુલ રૂ. ૨૦ લાખ જેટલી સહાય ચુકવવામાં આવી હતી. આ સહાય ચુકવવા આંબરડી ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાવલિયા સહિત હાજર રહ્યા હતા.

# બાબરા શહેરમાં ઉડાન લેડીઝ ક્લબ દ્વારા અંતાક્ષરી કાર્યક્રમ યોજાયો



બાબરા, તા.૨૩

બાબરામાં ઘણા વર્ષોથી ચાલતી ઉડાન લેડીઝ ક્લબ કંઈક નવું પીરસવાની નેમ લઈને આવે છે. બાબરામાં પહેલી વાર લેડીઝ ક્લબ દ્વારા અંતાક્ષરી કાર્યક્રમ યોજાયો હતો. જલારામ મંદિર ખાતે આયોજીત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. અંતાક્ષરીમાં ૫ ટીમોએ ભાગ લીધો હતો. તેમાં બ્લુ ટીમ વિજેતા થઈ હતી.

# બાબરીયાધાર અને મોટા સમઢીયાળા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો





અમરેલી,તા.૨૨

રાજુલાના બાબરીયાધાર અને ખાંભાના મોટા સમઢિયાળા મુકામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. ગંગા સ્વરુપ આર્થિક સહાય યોજના તેમજ વૃદ્ધ સહાય યોજના અંતર્ગત લાભાર્થીઓને લાભભફ+.નું સ્થળ પર વિતરણ કરવામાં આવ્યુ હતું. રાજ્ય સરકારની વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લાભાર્થીઓને ઘર આંગણે આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સેવા સેતુ કાર્યક્રમમાં રાશનકાર્ડમાં નામ સુધારણા, આવકના દાખલા, નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ, આરોગ્ય ચકાસણી સહિતની અરજીઓ અન્વયે સ્થળ પર જ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. તા.૩૧ ઓક્ટોબર સુધી રાજ્યભરમાં યોજાનાર આ સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કા અંતર્ગત તાલુકા દીઠ ૩ અને નગરપાલિકા-મહાનગરપાલિકા દીઠ બે સેવા સેતુ કાર્યક્રમ આયોજિત થાય તે પ્રકારે આયોજન નક્કી કરવામાં આવ્યુ હતું.

# હનુમાન ખીજડીયા ગામે ચારણ સમઢીયાળા સીમમાંથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

અમરેલી, તા.૨૩

વડીયાના હનુમાન ખીજડીયા ગામની ચારણ સમઢીયાળા સીમમાંથી પોલીસે દેશી દારૂની ભઠ્ઠી ઝડપી પાડી હતી. જેતપુરના થાણા ગાલોલમાં રહેતા સોનલબેન શામજીભાઈ પરમાર (ઉ.વ.૩૮) તથા ભીખાભાઈ ઉર્ફે ભોલો જીણાભાઈ મકવાણા (ઉ.વ.૩૫) પાસ પરમીટ વગર દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવતાં ઝડપાયા હતા. પોલીસે દેશી દારૂ ૨૫ લીટર, ગરમ વોશ ૩૦ લીટર, દેશી દારૂ બનાવવાનો આથો ૨૫૦ લીટર, ભઠ્ઠીના સાધનો મળી કુલ ૧૫,૬૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૮ પ્યાસી પકડાયા હતા. બાબરામાં એક મહિલા પાસેથી ૧૦ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# વડીયાના દેવગામે અનાજ ભરવાની પેટીમાંથી રોકડા ૨૦ હજારની ચોરી

**તસ્કરોએ બે મકાનને નિશાન બનાવ્યા**

વડીયા, તા.૨૩

વડીયાના દેવગામ ખાતે એક ખેડૂતના ઘર સહિત બે મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યા હતા. જેમાં કુલ ૨૪,૦૦૦ની ચોરી થઈ હતી.

બનાવ અંગે મુકેશભાઈ સંતોષભાઈ મયાત્રા (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ, અજાણ્યા ચોર ઈસમ તેમના રહેણાંક મકાનની વંડી ટપી ઘરમાં પ્રવેશ કરી અને ઘરમાં રૂમનાં દરવાજા ખોલી રૂમમાં રાખેલા કોઠલા (અનાજ ભરવાની પેટી)માંથી રોકડ રૂ.૨૦,૦૦૦, બીજા રૂમમાં રહેલી તિજોરીના તાળા તોડી ચાંદીનું મંગળસુત્ર તથા પગમાં પહેરવાના ચાંદીના છડા મળી કુલ રૂ.૨૪,૦૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયો હતો.

તેમજ બાજુમાં રહેતા સાહેદ ડાયાભાઈ ખીમાભાઈ મયાત્રાનાં બંધ મકાનનાં રૂમના દરવાજાનો નકુચા તોડી ત્યાં પણ ચોરી કરવાની કોશિષ કરી હતી.

વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયાના સનાળી ગામે 'તને બહુ હવા છે અહીં માલઢોર ચરાવતો નહીં' કહી યુવકને કુહાડીથી ફટકાર્યો

**ગાળો બોલીને જાનથી મારવાની ધમકી પણ આપી**

વડીયા, તા.૨૩

વડીયાના સનાળી ગામે એક યુવકને તને બહુ હવા છે, અહીં માલઢોર ચરાવતો નહીં કહીને ફટકારવામાં આવ્યો હતો તેમજ ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે દેવજીભાઈ અરજણભાઈ સુસરા (ઉ.વ.૩૭)એ તેમના જ ગામના ઓઘડભાઈ કાબાભાઈ બાંભવા, અલ્પેશભાઈ થોભણભાઈ બાંભવા, લાલજીભાઈ ભીખાભાઈ બાંભવા તથા સવજીભાઈ કાબાભાઈ બાંભવા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેમના માલઢોરના વાડા પાસે જતા હતા. તે દરમિયાન રસ્તામાં ઓઘડભાઈ બાંભવાએ ઉભા રાખી તને બહુ હવા છે અહીં માલઢોર ચરાવતો નહી તેમ કહી લોખંડના પાઈપથી ફટકાર્યો હતો. અન્ય આરોપીએ લોખંડની કુંડલી વાળી લાકડી તથા કુહાડીથી શરીરે આડેધડ મુંઢમાર મારતા હતા આ દરમિયાન સાહેદ તેજલબેન તેમને બચાવવા વચ્ચે આવતા ચારેય આરોપીએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાંથી છ મહિલા જુગારી ઝડપાઈ, બે ફરાર

રાજુલા, તા.૨૩

રાજુલામાં પોલીસે જુગાર રમતી મહિલાઓ પર રેઈડ પાડી હતી. જેમાં છ મહિલાઓ રંગેહાથ ઝડપાઈ હતી, જ્યારે બે ફરાર થઈ ગઈ હતી. આઠ મહિલાઓ રાજુલા યાદવ ચોક પાસે આવેલ મનુભાઈ કાંધમણાના રહેણાંક મકાન પાસે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતી હતી ત્યારે પોલીસ ત્રાટકી હતી. જેમાંથી છ મહિલાઓ ઝડપાઈ હતી, જ્યારે બે ફરાર થઈ ગઈ હતી. પોલીસે કુલ ૧૦,૭૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.કે. વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: આઠમ
તા. ૨૪-૧૦-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૨૭,
સૂર્યાસ્ત-૦૫:૪૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુષ્ય

## દૈનિક રાશિફળ

તા.૨૪-૧૦-૨૦૨૪ ગુરૂવાર

- મેષ: નવા સંબંધોમાં સ્થિરતા રહેશે. માનસિક તણાવ અને ભ્રમના કારણે વ્યવસાયિક દૈનિક કાર્યોમાં અડચણ તથા મુસાફરીમાં અવરોધ ઉભા થઈ શકે છે.
- વૃષભ: વિદ્યાર્થીઓએ શિક્ષણ ક્ષેત્રમાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સંતાનના વિવાહનો પ્રસંગ પ્રબળ થઈને ફાઈનલ થઈ શકે છે.
- મિથુન: વેપારમાં ભાગીદારો તથા જીવનસાથી પાસેથી પણ પૂર્ણ સહયોગ મળશે. માતાની સાથે કેટલાંક વૈચારિક મતભેદ થઈ શકે છે.
- કર્ક: આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. ઘર-પરિવારના વૃદ્ધજનો સાથે ચર્ચામાં ના પડતા. ઘરના કોઈ સભ્યના સ્વાસ્થ્યને લઈને દોડધામ થઈ શકે છે.
- સિંહ: તમારી આસપાસ ખુશીભર્યો માહોલ બનાવવાનો પ્રયાસ કરજો. ઓફિસમાં આકસ્મિક કોઈ નવું પરિવર્તન તમને આશ્ચર્યમાં નાખી શકે છે.
- કન્યા: આજનો દિવસ તમારા માટે મહાપુરૂષો સાથે મેળ ખાઈ રહ્યો છે. વ્યવહારિક વિચાર તમને સમાજમાં પ્રતિષ્ઠા પ્રદાન કરશે.
- તુલા: આજે તમે તમારી નજીકના લોકો અને અન્ય લોકોની ભાવનાઓને ઓળખજો અને તેમના જણાવ્યા અનુસાર ચાલવાનો પ્રયાસ કરશો.
- વૃશ્ચિક: બહેન કે ભાઈના વિવાહ સંબંધિત ચર્ચા ઘરમાં થઈ શકે છે. જૂના મિત્રો કે સંબંધીઓ અચાનક તમારી પાસે આવીને ઊભા રહી જશે.
- ધન: આજનો દિવસ મિક્સ ફળદાયી છે. વિદ્યાર્થીઓને એકાગ્રતા સાથે કાર્ય કરવાની જરૂર પડી શકે છે. કાર્ય ક્ષેત્રમાં તમારી સલાહોને આવકારવામાં આવશે.
- મકર: બચત યોજનાઓમાં રોકાણ કરવા માટે આ સારો સમય છે, પરંતુ બિનજરૂરી ખર્ચાથી સાવધાન રહેજો. તમારા પિતાના સ્વાસ્થ્યનું સંપૂર્ણ ધ્યાન રાખજો.
- કુંભ: વેપારની સ્થિતિઓ સારી બનતી જોવા મળશે અને તમારા હરીફને તમે પાછળ છોડી શકો છો. પુણ્યના કામોમાં પણ ખર્ચ થઈ શકે છે.
- મીન: આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરેલો રહેશે. બિઝનેસ મામલે પિતા કે પછી કોઈ જાણકાર વ્યક્તિની સલાહ લેવાની જરૂર પડી શકે છે.

# લીલીયા મોટામાં ઉછીના પૈસા મુદ્દે યુવકને ગાળો આપી મારી નાખવાની ધમકી આપી

લીલીયા, તા.૨૩

લીલીયા મોટામાં એક યુવકે લીધેલા ઉછીના પૈસા મુદ્દે તેને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે કિશનભાઈ ભનુભાઈ રૂદાતલા (ઉ.વ.૨૪) એ શાંતિભાઈ, સમીર બેલીમ તથા સલીમ બેલીમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે શાંતિભાઈ બગડા પાસેથી હાથ ઉછીના રૂપિયા લીધા હતા. જેથી ત્રણેય આરોપીએ રૂપિયાની ઉઘરાણી કરી ગાળો બોલી મારી નાખવાની ધમકી આપતા હતા. બે દિવસ પહેલાં સમીર બેલીમે લાફો મારી ગાળો આપી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# મોણવેલ ગામે ઈલેક્ટ્રિક લાઈનના તુટેલા તારે બળદનો ભોગ લીધો

**ધારીના એએસઆઈએ આ ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી**

ધારી, તા.૨૩

ધારીના મોણવેલ ગામે ઈલેક્ટ્રિક લાઈનનો તાર તુટતાં બળદને અડ્યો હતો. જેના કારણે બળદનું મોત થયું હતું. રમેશભાઈ હિરાભાઈ છોટાળા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, મોણવેલ ગામની સીમમાં બળાભાઈ મુળજીભાઈ ગઢીયાના ખેતર પાસે બળદ ચરાવતા હતા. આ ખેતરના શેઢે ડીપી આવેલ છે, તેમાંથી ઈલેક્ટ્રિક લાઈનનો તાર તુટતા બળદને વીજ કરંટ લાગતાં તેનું મોત થયું હતું.

બળદની કિંમત રૂ.૩૦ હજાર જાહેર થઈ હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ હિતેશભાઈ એચ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પાનના ગલ્લે નજર ચુકવી કાઉન્ટર પરથી યુવકે રૂપિયા ચોર્યા

અમરેલી, તા.૨૩

અમરેલી શહેરમાં જુના માર્કેટિંગ યાર્ડમાં પાનના ગલ્લા પર એક યુવકે નજર ચુકવી કાઉન્ટર પરથી રૂપિયાની ચોરી કરી હતી. બનાવ અંગે સન્નીભાઈ વિનુભાઈ ડાબસરા (ઉ.વ.૩૭) એ શ્યામસુંદર વિનોદભાઈ વિરડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમના માણસોને ગાળો આપી જાનથી મારવાની ધમકી આપી હતી તેમજ તેમને પણ ગાળો આપી માર મારવા દોડ્યો હતો. ઉપરાંત નજર ચુકવી ગ્રાહકના કાઉન્ટર પર રાખેલા ૧૦૦ રૂપિયા લઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એ. પટેલ વધુ તપાસ કરી રહ્યા છે.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા
દિવાળી ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
દિવાળી ધમાકા ઓફર
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – દિવાળી ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.599/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

**તંત્રી લેખ**

## માનવતા અને વિશ્વ શાંતિનો પર્યાય સંયુક્ત રાષ્ટ્ર સંઘ

વિશ્વ શાંતિ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘની સ્થાપના કરવામાં આવી. બીજા વિશ્વયુદ્ધ બાદ જગતમાંથી યુદ્ધ નિવારવા માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. પરંતુ આજની તારીખે જગતમાં અડધો ડઝન દેશોમાં નાના મોટા યુદ્ધ ચાલી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ પર અમેરિકા જેવા દેશોનું આધિપત્ય જબરજસ્ત છે. અતિ સંયુક્ત રાષ્ટ્ર સંઘની સાર્થકતા પર કાયમી પ્રશ્નચિહ્ન લાગેલું છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુએન ) એ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જેના જાણીતા ઉદ્દેશોમાં આંતરરાષ્ટ્રીય કાયદા, આંતરરાષ્ટ્રીય સલામતી, સામાજિક પ્રગતિ, માનવ અધિકારની દ્રષ્ટિએ સહકાર આગળ ધપાવવો અને વિશ્વ શાંતિ હાંસલ કરવાનો સમાવેશ થાય છે. યુએનની સ્થાપના દેશો વચ્ચે યુદ્ધ રોકવા માટે અને વાટાઘાટ માટે એક મંચ પૂરુ પાડવા માટે લીગ ઓફ નેશન્સના સ્થાને ૧૯૪૫માં બીજા વિશ્વયુદ્ધ બાદ થઈ હતી. તેમાં તેના હેતુઓને પાર પાડવા માટે અસંખ્ય પેટા સંસ્થાઓનો સમાવેશ થાય છે. હાલમાં ૧૯૩ સભ્ય રાજ્યો છે, જેમાં વિશ્વમાં આશરે દરેક સાર્વભૌમ રાજ્યનો સમાવેશ થાય છે. વિશ્વભરમાં આવેલી તેની ઓફિસોથી યુએન અને તેની ખાસ એજન્સીઓ આખા વર્ષ દરમિયાન યોજાતી નિયમિત બેઠકોમાં હેતુઓ અને વહીવટીય મુદ્દાઓ નક્કી કરે છે. સંસ્થાને વહીવટીય સંસ્થાઓમાં વિભાજિત કરવામાં આવી છે, મુખ્યત્વે જનરલ એસેમ્બલી (મુખ્ય સહેતુક એસેમ્બલી); સલામતી કાઉન્સીલ (શાંતિ અને સલામતી માટેના ચોક્કસ ઠરાવો નક્કી કરે છે); આર્થિક અને સામાજિક કાઉન્સીલ (આંતરરાષ્ટ્રીય આર્થિક અને સામાજિક સહકાર અને વિકાસને ઉત્તેજન આપવામાં મદદ કરે છે); સચિવાલય (યુએન દ્વારા જરૂરી અભ્યાસો, માહિતી અને સવલતો પૂરી પાડે છે); આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (પ્રાથમિક ન્યાયિક ભાગ). વધારાની સંસ્થાઓ અન્ય યુએન સિસ્ટમ એજન્સીઓ જેમ કે વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબ્લ્યુએચઓ), વિશ્વ ખાદ્યાન્ન કાર્યક્રમ (ડબ્લ્યુએફપી) અને યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (યુનિસેફ) સાથે મળીને સંભાળ રાખે છે. યુએનનું જાહેર રીતે દેખાતું પાત્ર સેક્રેટરી જનરલ છે, હાલમાં પોર્ટુગલના એન્ટોનિયો ગુટેરેસ છે, જેમણે ૨૦૧૭માં પોતાનો પદભાર ગ્રહણ કર્યો હતો. સંસ્થાને તેના સભ્ય રાજ્યો પાસેથી મૂલ્યાંકિત અને સ્વૈચ્છિક ફાળાઓનું ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને તે ૭ સત્તાવાર ભાષાઓ ધરાવે છે અરેબિક, ચાઈનીઝ, ઈંગ્લીશ , ફ્રેંચ, રશિયન, અને સ્પેનીશ. સંયુક્ત રાષ્ટ્રસંઘની પદ્ધતિ પાંચ મુખ્ય ભાગ પર આધારિત છે(અગાઉ ૭ હતા. ટ્રસ્ટીશીપ કાઉન્સીલે ૧૯૯૪માં કામગીરી રદ કરી હતી); જનરલ એસેમ્બલી, સિક્યુરિટી કાઉન્સીલ, ઈકોનોમિક અને સોશિયલ કાઉન્સીલ (ઈસીઓએસઓસી), સચિવાલય, અને ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ. સંયુક્ત રાષ્ટ્રસંઘની ૭ સત્તાવાર ભાષાઓનો ઉપયોગ સરકારની આંતરિક બેઠકોમાં અને દસ્તાવેજોમાં થાય છે, જેમાં અરેબિક, ચાઈનીઝ, ઈંગ્લીશ, ફ્રેંચ, રશિયન અને સ્પેનીશનો સમાવેશ થાય છે, સંયુક્ત રાષ્ટ્ર સંઘના માનવતાલક્ષી પ્રોજેક્ટ દેશોમાં ચાલી રહ્યા છે અને તેને સારી સફળતા પણ મળી છે. યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં તે સારું કામ કરે છે આમ છતાં તેનો મુખ્ય ઉદ્દેશ જગતમાંથી યુદ્ધને રોકવાનો છે તે પૂરેપૂરો હજુ સાર્થક થયો નથી તે હકીકત છે. આમ છતાં સંયુક્ત રાષ્ટ્ર સંઘની એકંદર કાર્યવાહી આશાના નવા કિરણ સમાન ગણી શકાય.

# કેનેડા માત્ર ભારતને જ નહી પણ યહૂદીઓને પણ ટાર્ગેટ કરી રહ્યું છે !

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

આખરે કેનેડાના પ્રાઈમ મિનિસ્ટરે કબૂલાત કરતા જણાવ્યું હતું કે ભારત સામે કોઈ પુરાવા ન હતા માત્ર માહિતી હતી. એના આ નિવેદન પછી કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો આતંકવાદને આશ્રય સ્થાન આપે છે તે જગ જાહેર થઈ ગયું.

વિશ્વની અંદર પાકિસ્તાન અને કેનેડા એ બે દેશો એવા છે કે જે આતંકવાદને ઉછેરે છે, મદદ કરે છે આની પાછળનો તેનો હેતુ સત્તામાં ટકી રહેવાનો છે. કેનેડામાં શીખ સમુદાયના મત જીતવા માટે ધમપછાડા કરી રહ્યા છે. તેણે કબૂલ્યું છે કે જ્યારે તેમણે ગયા વર્ષે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારના એજન્ટોની સંડોવણીનો આરોપ મૂક્યો હતો, ત્યારે તેમની પાસે માત્ર ગુપ્ત માહિતી હતી અને કોઈ પુરાવા ન હતા. ટ્રૂડોએ ફેડરલ ચૂંટણી પ્રક્રિયાઓ અને લોકતાંત્રિક સંસ્થાઓમાં વિદેશી હસ્તક્ષેપ અંગે જાહેર પૂછપરછના સંબંધમાં જુબાની આપતાં આ વાત કહી. ટ્રૂડોએ કહ્યું, “મને એ હકીકત વિશે માહિતી આપવામાં આવી હતી કે કેનેડા અને સંભવતઃ ’ફાઈવ આઈ’ સહયોગીઓ તરફથી ગુપ્ત માહિતી મળી હતી, જેણે સ્પષ્ટ કર્યું હતું કે ભારત સામેલ છે. કેનેડાના વડાપ્રધાને કહ્યું કે આ એવી બાબત છે જેને તેમની સરકારે ખૂબ ગંભીરતાથી લીધી છે. ‘ફાઈવ આઈઝ’ નેટવર્ક એ પાંચ દેશોનું ગુપ્તચર જોડાણ છે, જેમાં અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને ન્યૂઝીલેન્ડનો સમાવેશ થાય છે. ભારતે ૭ કેનેડિયન રાજદ્વારીઓને હાંકી કાઢ્યા હતા અને નિજ્જરની હત્યાની તપાસમાં રાજદૂતને જોડવાના આરોપોને નકારી કાઢ્યા પછી કેનેડામાંથી તેના હાઈ કમિશનરને પાછા બોલાવવાની જાહેરાત કરી હતી. ગયા વર્ષે જૂનમાં બ્રિટિશ કોલંબિયાના સરેમાં નિજ્જરની ગોળી મારીને હત્ય કરવામાં આવી હતી. કેનેડાના વડાપ્રધાને સત્તા પર ટકી રહેવા માટે ખાલિસ્તાની આતંકવાદીઓ અને અલગાવવાદીઓ સાથે સમજૂતી કરી છે તેની સાથે હાથ મેળવ્યા છે અને જસ્ટિસ ફોર પીસ નામ સાથે આતંકવાદીઓ અને તેની સાથે સંકળાયેલા જૂથોને આશ્રય આપવાનું શરૂ કરી દીધું છે તેનો ઉદ્દેશ શાંતિ માટે ન્યાયનો નથી પરંતુ ભારત જેવા દેશમાં કોઈપણ ભોગે વધારે અરાજકતા ફેલાવવી અને તેના મુખ્ય એજન્ડા અપહરણ, મની લૉન્ડરીંગ, ભાડૂતી હત્યાઓ, કેફી દ્રવ્યોનો ઉપયોગ, હથિયારોની ગેરકાનૂની હેરાફેરી જેવા ગેરકાનૂની કામો માટે મોટી ટોળીઓ કેનેડામાં સક્રિય છે. આવા શૈતાની કામ કરતા લોકોને કેનેડાએ પોતાનું નાગરિકત્વ આપ્યું છે, તેને આશ્રય આપ્યો છે. કેનેડા અને પાકિસ્તાન બંને દેશો ભારત વિરોધીઓને છાવરે છે. અધૂરામાં પૂરું ભારત સરકાર પર દોષનો ટોપલો ઢોળીને ભારતીય દૂતાવાસ કાવતરું કરે છે તેવા આરોપ મુકતા ભારત સાથેના સંબંધો બગડ્યા છે.



મૂળ વાત એ છે કે કેનેડાની આંતરિક રાજકીય સ્થિતિએ એવા ખરાબ સંજોગો પેદા કર્યા છે કે ખાલિસ્તાની જ નહિ, બીજા દેશોના આતંકવાદીઓનું પણ મથક બની ગયું. યહૂદી કેન્દ્ર પર હુમલો કરવા માટે એક પાકિસ્તાની પકડાયો, તેને કેનેડામાં આશ્રય આપવામાં આવ્યો હતો. નિજ્જર નામે ઘોર આતંકી કેનેડામાં રહીને સક્રિય હતો. તલવિન્દર સિંહ કેનેડાથી પાકિસ્તાન જઈને આતંકીઓને મદદ કરતો હતો, જે ઍર ઈન્ડિયા વિમાનનો બૉમ્બર હતો. ખાલિસ્તાની દાણચોરી છેક ૧૯૯૦થી ચાલે છે, જેમાં કેફી દ્રવ્યોના કારોબારમાં જિમ્મી અને રોન દોસાંજ સંડોવાયેલા હતા. આ બંને ઈન્ટરનેશનલ શીખ યૂથ ફેડરેશનના સભ્ય હતા. આ બંનેની તેની હરીફ ગેંગે હત્યા કરી નાખી. જે ખાલિસ્તાની ગુંડા ગુનાઓ કરી ચૂક્યા છે તેના માટે કેનેડા સલામત જગ્યા બની ગઈ છે અહીં તેઓ જુદા જુદા રસ્તે કેફી દ્રવ્યોના કારોબારમાં સક્રિય રહ્યા છે. ઉત્તર અમેરિકામાં પણ આવું જૂથ કામ કરે છે તેની કેનેડા સાથેની આવી ગેંગનું વ્યવસાયિક અને અપરાધિક જોડાણ છે. જગદીશ સિંહ ભુલાયે આખા નેટવર્ક વિશે સ્વીકાર્યું કે હેરોઈન અને બીજા દ્રવ્યોનું મોટું નેટવર્ક છે. કેનેડા થઈને તે બધું ઉત્તર અમેરિકા, યુરોપમાં અને ભારતમાં ઠલવાય છે.


ગુરપતવંતસિંહ પન્નુ ખાલિસ્તાનનું સૌથી મોટું નામ છે. કેનેડાના વડાપ્રધાનની સાથે તેની દોસ્તી છે અને શેખી મારી છે કે, કેનેડા સરકારે ભારતીય દૂતાવાસના અફસરોની સામે જે પગલાં લીધાં તે મારા કારણે લીધા છે. તેણે ઍર ઈન્ડિયાના વિમાનોમાં મુસાફરી ના કરવાની ચેતવણી દરેક નાગરિકને આપી છે. પત્રકારો પર હુમલાઓ શરૂ કરવામાં આવ્યા. આર.જે. રીશી પર ખાલિસ્તાની હુમલો થોડા દિવસો પહેલાં થયો. તે આતંકીઓ વિશે અહેવાલો આપતો હતો. હવે ત્યાંના ભારતીય નાગરિકોને મારી નાખવાની ધમકીઓ આપવાની શરૂ થઈ છે. આમ કેનેડા આતંકવાદીઓનું એપી સેન્ટર બની ચૂક્યું છે.

આતંકવાદ અને સુરક્ષાની અને અપરાધની એમ બેવડી સમસ્યા આજે રાષ્ટ્ર સામે છે. ૧૯૮૫ માં એર ઈન્ડિયા ૧૮૨ નો હુમલો બધાને યાદ છે. સુપ્રીમ કોર્ટના ત્યાંના જસ્ટિસ જોન મેજરે ચુકાદો આપતા કહ્યું હતું કે આ આતંકવાદ છે આ બાબતના દસ્તાવેજી પુરાવાઓ પણ આપવામાં આવ્યા કે આતંકવાદી જૂથો કેવી રીતે કામ કરે છે. ૨૦૧૮ થી કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદીઓ સક્રિય થયા હોવાનું પ્રમાણ પણ એ સમયે આપવામાં આવેલું આ બાબતમાં કેનેડાની સરકારને સત્તાવાર રીતે ડોઝિયર આપવામાં આવેલું પણ કેનેડાની સરકારે આ બાબતમાં કોઈ પગલા લીધા નહીં અને તેની ઉપેક્ષા કરી. આજે પણ કેનેડા આતંકવાદને ઉત્તેજન આપે છે માત્ર ભારતને નહીં પણ ઈઝરાઈલ સમર્થિત યહૂદીઓને પણ ટાર્ગેટ કરવાના તેના પ્રયાસો જાહેર થઈ ચૂક્યા છે જેને કારણે તે ઈઝરાયેલના વિરોધનું પણ ભોગ બની ચૂક્યું છે. કેનેડામાં મતબેંક ઊભી કરવા માટે તેમણે જે માર્ગ અપનાવ્યો છે તે જરા પણ વ્યાજબી નથી. અહીં એક હકીકત એ છે કે અમેરિકાએ તેને સપોર્ટ કર્યો છે. આ અમેરિકાની બેવડી ચાલ દુનિયા સામે ખુલ્લી પડી ગઈ છે ગમે તે કરે પરંતુ સ્થાનિક કક્ષાએ ટ્રુડો ફરી વખત ચૂંટણીમાં કોઈ સંજોગમાં ચૂંટાય તેવા સંજોગો અત્યારે જણાતા નથી. કેનેડાની વર્તમાન સરકારને શીખ મતો જોઈએ છે, લિબરલ સાંસદો વડાપ્રધાનની ખાલિસ્તાનપ્રેમી પ્રવૃત્તિની સામે પડયા છે. ન્યુ ડેમોક્રેટિક પાર્ટીએ તો વર્તમાન સરકારની સાથે છેડો ફાડી નાખ્યો. અત્યારે તે લઘુમતી સરકાર છે. જગમીત સિંહે અવિશ્વાસ પ્રસ્તાવમાં વડાપ્રધાનને ટેકો આપ્યો એટલે સરકાર બચી ગઈ. લિબરલ પાર્ટી એક પેટાચૂંટણીમાં પણ હારી ગઈ છે, પણ સત્તા એવી ચીજ છે જેને માટે ગમે તે કરવા રાજકારણીઓ તૈયાર રહે એ પાકિસ્તાનની જેમ આતંકવાદી અડ્ડો બની રહે તેવો સંકેત અને ભય ઘણા રાજકીય પંડિતો સેવી રહ્યા છે.

દુનિયાના વિસ્તારની દ્રષ્ટિએ મોટા દેશોમાં કેનેડાનો સમાવેશ થાય છે વિપુલ પ્રમાણમાં ખનીજ સંપદા અને કુદરતી સાનુકૂળતા હોવા છતાં આ દેશની પ્રજા સુખી નથી કારણ કે ત્રાસવાદની બોલબાલા વધતી જાય છે. એક સમયે કેનેડા વિશ્વભરના વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર હતું અત્યારે પરિસ્થિતિ ઉલટી થઈ ગઈ છે. ભારત સહિતના દેશોના વિદ્યાર્થીઓ કેનેડા છોડીને સ્વદેશ પાછા આવે છે કારણકે હવે કેનેડામાં રહેવું સલામતી ભર્યું નથી તેમ સૌ કોઈ અનુભવી રહ્યા છે. ભારતના લોકોએ ત્યાં વ્યાપાર ધંધા શરૂ કર્યા છે તેઓ પણ બધી વસ્તુ સમેટીને દેશમાં આવવા ઈચ્છે છે. આમ આ વિશાળ દેશ પતનના માર્ગે આગળ વધી રહ્યો છે.

**કેનેડામાં ફરી વખત સત્તાસ્થાને બિરાજવા માટે એના વડાપ્રધાન ટ્રુડોએ પોતાની મતબેંકને તગડી કરવા માટે આતંકવાદને સમર્થન આપવાનું શરૂ કર્યું છે. આમ છતાં તે પોતાના દેશમાં સત્તા પર આવી નહીં શકે કારણ કે કેનેડાની પ્રજાને તેની આ નીતિ બિલકુલ પસંદ નથી !**

## શબ્દ સંજોગ-૧૮૯૦



**આડી ચાવી :**
(૧) વિઘ્ન, નડતર (૪)
(૪) મહેરબાની, દયા (૨)
(૭) હઠ, દુરાગ્રહ (૩)
(૯) યુદ્ધ (૩)
(૧૧) આવ્યો .....? (૨)
(૧૩) ખેલ, ક્રીડા (૩)
(૧૫) નવું, નવીન (૨)
(૧૬) તળિયા વિનાનું (૩)
(૧૭) કાળજી (૩)
(૨૦) ગરીબ (૨)
(૨૧) લાખની સંખ્યા (૨)
(૨૨) દીકરો (૩)
(૨૪) સ્મરણસ્તંભ, પાળિયો (૨)
(૨૫) રેલીને છલકાઈ જવું તે (૫)
(૨૯) એક પ્રાચીન રાજવંશ (૨)
(૩૦) એક ધાન્ય (૨)
(૩૧) કૂતરાની એક જાત (૫)

**ઉભી ચાવી :**
(૧) પરિત્યાગ, અસ્વીકાર (૪)
(૨) અધમ, નીચ (૨)
(૩) નિગ્રહ, સંયમ (૨)
(૫) ભાળ મળવી તે (૩)
(૬) કરાર, બોલી (૩)
(૮) એકદમ, ઝટ (૩)
(૧૦) મોળું, નરમ (૩)
(૧૨) ભાંગે નહિ પણ વળે એવું નરમ (૪)
(૧૪) મેલ, કચરો (૨)
(૧૬) નિત્ય, સનાતન (૩)
(૧૮) શાશ્વતતા (૩)
(૧૯) સંગીતનો એક અલંકાર (૨)
(૨૦) કપડાં રંગનાર (૪)
(૨૩) સોનું (૨)
(૨૬) રામ-સીતાનો પુત્ર (૨)
(૨૭) હદ, સીમા (૨)
(૨૮) લપ, જલદી (૨)
(૨૯) ન બોલવું તે (૨)

## શબ્દ સંજોગ-૧૮૮૯ જવાબ

**આડી ચાવી :** (૧) યાતુધાન (૪) વાંદર (૬) વાટ (૭) બનારસ (૯) હેલ (૧૦) સાદર (૧૩) કદરજ (૧૬) મતવાલી (૧૮) નમણ (૨૦) કણક (૨૨) કસર (૨૪) મદ (૨૫) મામા (૨૬) રમલ (૨૭) પા (૨૮) નવાબ.

**ઉભી ચાવી :** (૧) તુલના (૩) નર્વસ (૪) વાંઢ (૫) રવાલ (૭) બતક (૮) રબર (૯) હેરત (૧૧) દમણ (૧૨) ખાલી (૧૪) દક્ષિણ (૧૫) જન (૧૭) વારસ (૧૯) મત્સ્ય (૨૦) કસ્તર (૨૧) કમલ (૨૨) કમાન (૨૩) રજબ.

# માર્કેટયાર્ડનાં ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૦ | ૧૬૪૦ |
| ઘઉં લોકવન | ૫૯૧ | ૬૧૨ |
| ઘઉં ટુકડા | ૫૯૩ | ૬૨૨ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૭૮૦ |
| જુવાર પીળી | ૩૮૦ | ૫૦૦ |
| બાજરી | ૩૮૧ | ૫૨૫ |
| તુવેર | ૧૩૭૦ | ૧૮૪૦ |
| ચણા પીળા | ૧૨૪૦ | ૧૪૨૫ |
| ચણા સફેદ | ૨૧૫૦ | ૨૮૨૫ |
| અડદ | ૧૩૬૦ | ૧૭૪૬ |
| મગ | ૧૨૦૦ | ૧૫૬૦ |
| વાલ દેશી | ૧૪૨૧ | ૧૮૦૦ |
| વાલ પાપડી | ૧૪૦૦ | ૧૭૫૦ |
| ચોળી | ૨૧૦૦ | ૩૨૦૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૧૦ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૨૦૦ |
| મગફળીજીણી | ૯૯૦ | ૧૨૮૪ |
| તલી | ૨૦૧૧ | ૨૬૦૦ |
| સુરજમુખી | ૬૭૮ | ૬૭૮ |
| એરંડા | ૧૧૯૨ | ૧૨૬૫ |
| સોયાબીન | ૭૩૫ | ૮૮૫ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| કાળા તલ | ૨૯૫૦ | ૩૮૭૦ |
| લસણ | ૩૮૫૦ | ૫૪૭૦ |
| ધાણા | ૧૧૫૫ | ૧૪૮૦ |
| ધાણી | ૧૩૪૦ | ૧૪૯૫ |
| વરીયાળી | ૧૦૬૧ | ૧૬૦૦ |
| જીરૂ | ૪૪૪૦ | ૪૮૧૫ |
| રાય | ૧૧૨૦ | ૧૩૪૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૩૧૫ |
| ઇસબગુલ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૪૦ |
| રજકાનું બી | ૪૪૪૦ | ૫૪૦૫ |
| ગુવારનું બી | ૧૦૩૧ | ૧૦૩૧ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૯૦ | ૬૭૦ |
| ડુંગળી સુકી | ૨૧૦ | ૯૨૦ |
| ટમેટા | ૫૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| પરવળ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૪૦૦ | ૬૦૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૩૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૨૦૦ |
| મગફળીલીલી | ૫૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૬૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૧૭ | ૧૦૮૨ |
| શિંગ મોટી | ૭૫૦ | ૧૧૮૪ |
| શિંગફાડા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૭૩૫ | ૨૭૬૫ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૮૯૫ |
| બાજરો | ૪૨૩ | ૫૫૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૧ |
| ઘઉં લોકવન | ૫૫૩ | ૬૪૪ |
| મગ | ૫૦૦ | ૧૭૨૨ |
| અડદ | ૬૪૦ | ૧૭૬૦ |
| ચણા | ૭૪૫ | ૧૪૭૧ |
| ચણાસફેદ | ૧૯૨૦ | ૧૯૨૦ |
| કપાસ | ૭૪૦ | ૧૬૭૦ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૨૬ |
| જીરૂ | ૪૧૬૦ | ૪૫૭૦ |
| ધાણા | ૯૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૬૩૦ | ૮૬૬ |
| રજકાનું બી | ૨૫૦૦ | ૫૨૫૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૫૮૦ |
| રીંગણાં | ૫૦૦ | ૮૦૦ |
| ફુલાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૭૫૦ | ૧૦૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૬૦૦ | ૮૪૦ |
| દૂધી | ૪૦૦ | ૪૫૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મૂળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૫૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૯૦૦ | ૧૦૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૪૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| શીંગઓળા | ૭૦૦ | ૭૫૦ |
| ડુંગળીલીલી | ૨૦૦ | ૫૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૧૦ | ૧૬૪૫ |
| કપાસ કોડી | ૧૦૪૦ | ૧૨૫૦ |
| મગફળી | ૯૩૫ | ૧૧૬૫ |
| મગ | ૧૨૭૦ | ૧૫૬૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૪૭૦ |
| ઘઉં | ૫૦૯ | ૬૫૧ |
| તલ કાળા | ૩૦૭૦ | ૩૬૩૦ |
| તલસફેદ | ૨૦૫૫ | ૨૪૯૫ |
| સોયાબીન | ૬૮૨ | ૭૪૮ |
| બાજરો | ૩૯૦ | ૪૦૦ |
| જીરૂ | ૪૦૪૦ | ૪૫૨૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરૂ૦ | ૮૨૫ | ૧૧૮૭ |
| મગફળી ૩૨નં | ૮૦૦ | ૧૦૭૭ |
| બાજરી | ૫૦૦ | ૫૬૯ |
| ઘઉં | ૪૮૦ | ૬૩૫ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૪૪૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૬ |
| જુવાર | ૬૫૦ | ૮૨૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| રજકો | ૩૦૦૦ | ૪૮૫૦ |
| કપાસ | ૯૦૦ | ૧૪૭૫ |
| **ધારી** | | |
| કપાસ | ૯૧૬ | ૧૪૪૪ |
| ઘઉં | ૫૨૧ | ૫૮૦ |
| મગફળી | ૬૦૦ | ૯૪૨ |
| અડદ | ૭૮૦ | ૧૨૮૦ |
| ધાણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| તલકાળા | ૩૫૬૦ | ૩૫૬૦ |
| સોયાબીન | ૪૪૦ | ૭૭૯ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૫૧ |
| ઘઉં લોકવન | ---- | ૫૭૮ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૯૪ |
| રાજગરો | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ચણાસફેદ | ૧૨૨૫ | ૨૦૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૫૨૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૮૬ |
| સોયાબીન | ૫૨૫ | ૭૯૬ |
| મકાઈ | ૬૦૦ | ૧૨૦૦ |
| મગફળી | ૬૮૨ | ૯૦૦ |
| શીંગદાણા | ૧૧૩૫ | ૧૧૩૫ |
| તલસફેદ | ૧૮૩૫ | ૧૮૩૫ |
| ચણા | ૯૫૫ | ૧૩૨૫ |
| બાજરો | ૪૪૦ | ૪૪૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૫૧ | ૧૬૫૬ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૫૧૪ | ૭૦૮ |
| સિંગદાણાજાડા | ૧૦૫૦ | ૧૩૦૧ |
| સિંગ ફાડીયા | ૮૬૧ | ૧૨૮૧ |
| એરંડા /એરંડી | ૧૦૭૬ | ૧૨૬૧ |
| તલકાળા | ૨૬૦૧ | ૩૮૫૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૪૯૫૧ |
| ધાણા | ૮૦૦ | ૧૬૦૧ |
| ડુંગળીલાલ | ૨૫૧ | ૮૯૧ |
| અડદ | ૧૧૧૧ | ૧૬૧૧ |
| તુવેર | ૧૬૩૧ | ૧૯૩૧ |
| મેથી | ૭૦૦ | ૧૧૧૧ |
| ગુવારબી | ૯૫૧ | ૯૫૧ |
| સફેદચણા | ૧૩૦૧ | ૨૭૮૧ |
| તલતલી | ૧૮૫૦ | ૨૫૪૧ |
| ઈસબગુલ | ૮૦૧ | ૨૨૯૧ |
| ધાણી | ૯૫૧ | ૧૬૦૧ |
| બાજરો | ૪૪૧ | ૫૩૧ |
| જુવાર | ૧૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૩૫૧ | ૩૫૧ |
| મગ | ૧૧૩૧ | ૧૭૦૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૩૬૬ |
| વાલ | ૪૨૧ | ૧૬૭૬ |
| ચોળા/ચોળી | ૬૦૧ | ૯૩૧ |
| સોયાબીન | ૬૦૧ | ૯૩૧ |
| અજમા | ૨૦૦૧ | ૨૦૦૧ |
| ગોગળી | ૫૦૦ | ૯૩૧ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૧૯૯ | ૧૫૩૫ |
| ચણા | ૯૧૧ | ૯૧૧ |
| તલ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૬૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૫૨ |
| તુવેર | ૧૨૮૦ | ૧૨૮૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૮૦૮ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૫૬૦ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૫૦૧ |
| બાજરો | ૪૯૧ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૪૮૮ | ૬૭૫ |
| જુવાર | ૭૩૫ | ૭૩૫ |
| મગ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| અડદ | ૧૦૩૬ | ૧૫૦૦ |
| ચણા | ૧૧૯૦ | ૧૨૨૫ |
| સોયાબીન | ૬૩૦ | ૭૭૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૦૨૮ | ૧૬૦૭ |
| કપાસ સીંગ્રેડ | ૫૦૦ | ૧૦૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૧ |
| ઘઉં | ૪૫૦ | ૫૮૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૨૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| મગફળી | ૬૦૦ | ૧૦૩૪ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૪૨ |
| ધાણા | ૯૦૦ | ૧૩૧૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૦૦ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૯૦૦ | ૧૫૦૦ |
| શીંગ ૩૯ | ૭૭૦ | ૧૧૯૦ |
| શીંગ૩૨ | ૭૦૨ | ૧૦૩૦ |
| શીંગજી૨૦ | ૯૨૦ | ૧૨૨૮ |
| એરંડા | ૧૨૩૧ | ૧૨૫૫ |
| જુવાર | ૩૦૦ | ૭૦૮ |
| બાજરી | ૩૨૮ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૬૬ |
| અડદ | ૧૦૫૫ | ૧૭૭૫ |
| સોયાબીન | ૬૬૦ | ૮૫૦ |
| તલ સફેદ | ૧૭૮૫ | ૨૩૭૨ |
| ડુંગળીલાલજુ | ૨૦૧ | ૯૨૬ |
| ડુંગળીલાલ | ૧૦૩ | ૭૭૫ |
| ડુંગળી સફેદ | ૨૫૩ | ૫૦૦ |
| કપાસ શંકર | ૮૦૦ | ૧૪૫૩ |
| નાળીયેર | ૫૩૧ | ૨૪૭૮ |
| **જામનગર** | | |
| કપાસ | ૯૭૦ | ૧૬૯૫ |
| જુવાર | ૫૭૦ | ૭૦૫ |
| બાજરો | ૪૭૦ | ૫૩૫ |
| ઘઉં | ૫૫૦ | ૬૩૧ |
| મગ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૬૫ |
| તુવેર | ૬૩૫ | ૧૬૫૫ |
| ચોળી | ૨૬૫૦ | ૩૧૧૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૫૦ |
| મકાઈ | ૫૦૦ | ૬૨૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૩૦ |
| મગફળીજીણી | ૧૦૦૦ | ૨૧૧૦ |
| મગફળીજાડી | ૮૫૦ | ૧૧૪૦ |
| એરંડા | ૧૦૨૦ | ૧૨૬૫ |
| તલ | ૨૧૦૦ | ૨૩૯૦ |
| તલકાળા | ૨૫૦૦ | ૨૭૧૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૩૬ |
| લસણ | ૨૫૦૦ | ૫૫૦૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૬૯૦ |
| અજમો | ૧૮૦૦ | ૩૨૦૦ |
| ધાણા | ૧૧૬૦ | ૧૪૬૦ |
| ડુંગળીસુકી | ૨૦૦ | ૯૨૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૫ |
| વટાણા | ૩૦૦ | ૪૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગજીણી | ૭૦૦ | ૧૦૭૩ |
| શીંગમોટી | ૮૧ | ૧૧૪૧ |
| તલસફેદ | ૨૧૦૦ | ૨૫૬૧ |
| તલકાળા | ૩૧૦૦ | ૩૫૬૬ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૬૭૨ |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૪૦ |
| ઘઉંલોકવન | ૪૫૧ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૫૩૧ | ૬૭૨ |
| બાજરો | ૪૭૫ | ૫૬૭ |
| જુવાર | ૫૨૨ | --- |
| મકાઈ | ૫૨૬ | --- |
| મગ | ૧૩૫૦ | ૨૧૫૦ |
| અડદ | ૧૨૬૭ | ૧૮૭૧ |
| ચણા | ૯૦૦ | ૧૩૩૮ |
| તુવેર | ૧૪૮૬ | --- |
| એરંડી | ૮૦૦ | ૧૧૮૭ |
| સોયાબીન | ૫૮૧ | ૮૪૨ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ચમારડી ગામે સરદાર પટેલની જન્મ જયંતી ઉજવવા તડામાર તૈયારી

**ગોપાલભાઈ વસ્તરપરાની આગેવાનીમાં કાર્યક્રમને આખરી ઓપ અપાયો**





અમરેલી,તા.૨૩

બાબરા તાલુકાના ચમારડી ગામના ગોપાલભાઈ વસ્તરપરા દર વર્ષે લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી અનોખી રીતે ઉજવે છે. ગત સાલ ૧૪૮ મી સરદાર વલ્લભભાઈની જન્મ જયંતીના દિને ૧૪૮ વલ્લભભાઈ નામના અલગ-અલગ સમાજના વ્યક્તિઓનું સન્માન કરાયું હતું. આમ રાષ્ટ્ર માટે મહાપુરુષોએ જે બલિદાનો આપ્યા છે તેને જીવંત રાખવાના પ્રયાસ ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા કરવામાં આવી રહ્યા છે. હાલ તેઓ પોતાના વતન ચમારડી ગામને ચમકાવવાની કવાયત કરી રહ્યા છે અને આ ગામની ચમક આગામી સરદાર પટેલ જન્મ જયંતીના દિવસે સમગ્ર પંથક માટે પ્રેરણાદાયી હશે. ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા ચમારડી ગામની ભાગોળે મહાત્મા ગાંધી, સરદાર પટેલ, કૃષ્ણકુમારસિંહજી, કેશુભાઈ પટેલ, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ, ડો. બાબાસાહેબ આંબેડકર, સ્વામી વિવેકાનંદ સહિતના ૧૨ મહાનુભવોની પુરા કદની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે સાથોસાથ દેવાધિદેવ મહાદેવની ભવ્ય મૂર્તિ સ્થાપિત કરવામાં આવી રહી છે. આ તમામ પ્રતિમાનું અનાવરણ આગામી ૩૧ ઓક્ટોબરના દિવસે કરવામાં આવશે. ચમારડી ગામની ભાગોળનો ભૂગોળ બદલવા માટે સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા રાત દિવસ એક કરી રહ્યા છે. અહી પ્રતિમાઓ સ્થાપિત કરવાની સાથે સાથે રાહદારીઓ માટે અને મુસાફરો માટે સુવિધાયુક્ત બસ સ્ટેન્ડ પણ બનાવવામાં આવી રહ્યુ છે. ઉલ્લેખનીય છે કે સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા અત્યાર સુધીમાં લગભગ બે હજારથી વધુ ગામોમાં સરદાર વલ્લભભાઈ પટેલની પૂરા કદની પ્રતિમા નિઃશુલ્ક આપવામાં આવી છે. અનાવરણ પ્રસંગે અમરેલી જિલ્લામાંથી તમામ ગામોમાંથી નર્મદાના નીર લાવી આ મહાનુભાવોની પ્રતિમાને અભિષેક કરવામાં આવશે. આવનારી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી પ્રસંગે ગુજરાતભરમાંથી રાજકીય, સામાજિક આગેવાનો અને સંતોની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

# દામનગરમાં રખડતાં પશુઓની સમસ્યા : તંત્રની ઉદાસીનતા વચ્ચે લોકોની સલામતી જોખમમાં

**રસ્તા પર અડિંગો જમાવીને બેઠેલા પશુઓ બની રહ્યા છે જોખમરૂપ, સત્તાધીશોની કાર્યવાહીની તાતી જરૂર**



દામનગર,તા.૨૩

દામનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યા દિન-પ્રતિદિન વિકટ બનતી જાય છે. વિકાસના નામે થતી વાતો વચ્ચે આ સમસ્યા પ્રત્યે સંપૂર્ણ બેદરકારી જોવા મળી રહી છે. શહેરના મુખ્ય માર્ગો પર પશુઓ અડિંગો જમાવીને બેસી રહેતા હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ માટે મોટું જોખમ ઊભું થયું છે.

છેલ્લા કેટલાક સમયથી આ રખડતા પશુઓના હુમલાના બનાવો વધી રહ્યા છે અને દર એક-બે દિવસે કોઈને કોઈ વ્યક્તિ આવા પશુઓના હુમલાનો ભોગ બની મૃત્યુ પામે છે.

આ ગંભીર સમસ્યા છતાં નક્કર નિયમો અને કાયદાના અભાવે યોગ્ય અમલીકરણ થઈ શકતું નથી. સ્થાનિક રહીશોની માગણી છે કે સત્તાધીશો આ સમસ્યાને ગંભીરતાથી લે અને યોગ્ય વ્યવસ્થા ગોઠવે જેથી લોકો નિર્ભયપણે હરીફરી શકે.

# અમરેલીના યુવાને તેજસ્વી કારકિર્દી છોડી મહંત સ્વામીના હસ્તે દીક્ષા લીધી

**હાર્દિક મજેઠીયાનું પાર્ષદી નામ પૂ. કશ્યપ ભગત રાખ્યુ**



અમરેલી,તા.૨૩

અમરેલીના નવયુવાન હાર્દિકભાઈ જગદીશભાઈ મજેઠીયાએ તા. ૨૩-૧૦-૨૪ ના રોજ અક્ષર મંદિર, ગોંડલ ખાતે બી.એ.પી.એસ. સંસ્થાના વડા પ. પૂ. મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે ત્યાગાશ્રમ દીક્ષા ગ્રહણ કરી છે. પ. પૂ. મહંત સ્વામી મહારાજે તેમનું પાર્ષદી નામ પૂ. કશ્યપ ભગત રાખ્યું છે. હાર્દિકભાઈએ ભારતમાંથી ફાર્મસીની ડિગ્રી મેળવેલ. ત્યારબાદ જર્મની ખાતે ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરેલ છે. આવી તેજસ્વી કારકિર્દી પ. પૂ. મહંત સ્વામી મહારાજના ચરણોમાં સમર્પિત કરી ત્યાગાશ્રમ ગ્રહણ કરી સત્સંગ અને સમાજ સેવામાં જોડાયા છે. અક્ષર મંદિર, ગોંડલ ખાતે યોજાયેલ દીક્ષા સમારોહમાં વેદોક્ત વિધિ મુજબ ૨૯ સુશિક્ષિત યુવાનોએ દીક્ષા ગ્રહણ કરી છે. તેમજ આગામી તા. ૨૬ ઓક્ટોબરના રોજ બીજા ૩૦ સુશિક્ષિત નવયુવાનો દીક્ષા લેશે. બી.એ.પી.એસ. સંસ્થામાં કુલ ૧૨૧૯ સંતો સમાજ અને સત્સંગની સેવામાં કાર્યરત છે.

# ધરાઈ બાલમુકુંદ હવેલી ખાતે સાંસદ પરશોતમ રૂપાલાનું સ્વાગત



અમરેલી,તા.૨૩

બાબરા તાલુકાના ધરાઈ ગામે બિરાજમાન બાલમુકુંદ પ્રભુને આંગણે દર્શન કરવા પધારેલા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાનું ધરાઈ હવેલી ટ્રસ્ટ વતી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે રામભાઈ સાનેપરા, મુખ્યાજી ધર્મેન્દ્રભાઈ જોષી, બાલમુકુન્દભાઈ, મિતુલભાઈ, જીતુભાઈ તથા મુખ્યાજી પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

# પાકનું ધોવાણ થતા ખેડૂતોને સહાય ચુકવવા ધારાસભ્ય જયેશ રાદડીયાની રજૂઆત

ધોરાજી,તા.૨૩

સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદ પડતાં ખેડૂતના પાકને નુકસાન થતાં વળતર આપવા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાએ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને રજૂઆત કરી છે. સૌરાષ્ટ્ર પંથકમાં કમોસમી વરસાદ પડતાં ખેડૂતોનાં પાકને નૂકસાન થયું છે ત્યારે ખેડૂતો ચિંતિત બન્યા છે ત્યારે ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાએ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને રજૂઆત કરીને ખેડૂતોને વળતર આપવા માટેની માંગણી કરી છે. ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાએ રજૂઆતમાં જણાવ્યું છે કે, કમોસમી વરસાદને કારણે સમગ્ર સૌરાષ્ટ્રના ખેડૂતોને




તસ્વીર : નયન કુહાડીયા

વાવણીથી લણણી સુધી જતન કરીને ઉગાડેલ પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે. જેમાં મગફળી, કપાસ, સોયાબીન, તુવેર, તલ, મરચી જેવા અનેક પાકો સંપૂર્ણપણે નાશ થઈ ચૂકયા છે. જેથી ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાએ ખાસ સહાય પેકેજ જાહેર કરી વળતર ચૂકવવા માટે રાજ્ય સરકારના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને રજૂઆત કરી છે.

# ઉનાના તડ ગામે દીવ રોડ પર બાઈકમાં ચોરખાનું બનાવી દારૂની હેરાફેરી કરતો ઝડપાયો

ઉના, તા.૨૩

ઉનાના કાજરડી ગામે રહેતો વિપુલ ઉર્ફે ટી.ટી. પુંજાભાઇ બાંભણીયા બાઈક નં. ૯૭૨૫માં દિવ તરફથી દારૂ લઈ હેરાફેરી કરતો હોવાની ચોક્કસ બાતમી આધારે જિલ્લા એલસીબી સ્ટાફ દ્વારા તડ ગામે દીવ રોડ પાસે બાઈક રોકાવી હતી અને બાઈકની તલાશી લેતા બાઇકમાં પેટ્રોલની ટાંકી તેમજ સીટ નીચે બનાવેલ ચોરખાનામાંથી વિદેશી દારૂની ૧૦૮ એમ.એલ.ની




પ્લાસ્ટીકની કંપની સીલપેક નંગ-૬૬ બોટલો વિદેશી દારૂ મળી આવી હતી. વિપુલ ઉર્ફે ટી.ટી. પુંજાભાઇ બાંભણીયાના કબ્જાનું બાઈક કબ્જે કરી ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ઉના-ગીરગઢડા પંથકમાં પાછલા વરસાદથી ખેડૂતોની હાલત કફોડી

ઉના,તા.૨૩

ઉના અને ગીરગઢડા તાલુકામાં છેલ્લા ૧૨ દિવસથી રોજ વરસી રહેલ વરસાદને લીધે ખેડૂતોનો પાક ધોવાઈ ગયો છે. ખાસ તો હાલ મગફળી, સોયાબીનના પાકોને લણણી કરવાનો પૂરો સમય થઈ ગયો છે. ખેડૂતોને આ વરસાદે રાતા પાણીએ રોવડાવ્યા છે. મોંઘા બિયારણો અને ખાતરોથી લીધેલી ઉપજ હવે પાકી ગઈ છે ત્યારે આ ચોમાસુ સિઝનના પાછલા વરસાદને લીધે મગફળી, સોયાબીન અને ખાસ તો મોંઘા ભાવનું ખરીદેલ ડુંગળીના રોપનું વાવેતર બગડી રહ્યું છે. મગફળીના ખેંચેલા પાક ઉપર સતત પડી રહેલા વરસાદથી મગફળીમાં ફૂગ લાગી ગઈ છે. આ મગફળીની ગુણવત્તા પણ ઓછી થવાના કારણે ખેડૂતોને



તેને બજાર ભાવ કરતાં ઓછા ભાવે વેચવી પડશે. આ સિવાય ખેડૂતો મગફળીનું વાવેતર પોતાના દુધાળા પશુઓ માટે ચારો મળી રહે તેના માટે કરતા હોય છે, તે ચારોલુ પણ વરસાદના કારણે ખરાબ થઈ ગયું છે. દિવાળી ટાણે વરસાદ વેરી બનતા ખેડૂતોને લાખોનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ઉદ્યોગપતિઓને કરોડોનું લેણું માફ કરતી આ સરકાર હવે ખેડૂતોને માથે આવી પડેલ આફતમાંથી ઉગારે અને કોઈ સહાય કરે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે.

# છાછરની યુવતી પર વારંવાર દુષ્કર્મ આચરીને ધમકી આપ્યાની ફરિયાદ

કોડીનાર,તા. ૨૩

કોડીનાર તાલુકાના છાછર ગામની યુવતી ઉપર ગામના જ યુવકે ફ્રેન્ડશીપ કરી બળજબરીપૂર્વક વારંવાર દુષ્કર્મ આચરીને ધમકી આપ્યાની ફરિયાદ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ અંગે યુવતીએ કોડીનાર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેના ગામના જ યુવકે યુવતીના મોબાઈલ નંબર મેળવીને મેસેજ દ્વારા મિત્રતા કેળવી હતી. તેની સાથે ભાઈ-બહેન તરીકે ફોટા પાડી, લાલચ આપીને વાતોમાં ફોસલાવી હતી. આ યુવતી રાજકોટમાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી હોવાથી ત્યાં જશુ ગોહિલે વારંવાર યુવતીને ફોન કરીને ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. તેણે યુવતીને રાજકોટ બસ સ્ટેશન નજીક આવેલી હોટલમાં ૩ વખત અલગ અલગ દિવસે યુવતી સાથે તેની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજારી યુવતીની જાણ બહાર તેનો વીડિયો ઉતાર્યો હતો. આ ઉપરાંત કોડીનાર-ઉના રોડ આવેલ જલારામ હોટલમાં પણ યુવતીની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ આચર્યું હતું અને જો આ અંગે કોઈને કહીશ તો વીડિયો વાયરલ કરીને યુવતીના નાના ભાઈને મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ યુવતીએ પોલીસમાં કરી હતી. આથી પોલીસે ફરિયાદના આધારે ગામના જ શખ્સ વિરુધ્ધ બળાત્કાર અને એટ્રોસિટીની કલમ હેઠળ ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## અવસાન નોંધ

**બગસરા-ભાયાવદર**

વાણિયા સોની સ્વ. બાલકૃષ્ણભાઇ જગજીવનભાઇ લાઠીગરાના ધર્મપત્ની લતાબેન (ઉ.વ.૬૯) તા.૨૩/૧૦/૨૦૨૪ને બુધવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે નીલાબેન સંજયભાઈ જૂનાગઢ(મો. ૯૧૦૬૩૨૦૦૭૨), પ્રીતિબેન જેતપુર, હીનાબેન વિપુલભાઈ રાજપરા બગસરા વાળાના માતુશ્રી થાય છે. સદગતનું બેસણું તા.૨૪/૧૦/૨૦૨૪ને ગુરુવારના રોજ બપોર માં ૪થી૬ ટેલીફોનીક રાખેલ છે

# અતિવૃષ્ટિથી થયેલ નુકસાન અંગે લીલીયાના સરપંચની વળતરની માંગ

લીલીયા,તા.૨૩

લીલીયા તાલુકાના ભેંસવડી ગામના સરપંચ અને સરપંચ એસોસિએશનના પ્રમુખ મંજુલાબેન હુંમરે તાલુકા મામલતદારને પત્ર લખીને અતિવૃષ્ટિથી થયેલ ખેતી નુકસાનીનો સર્વે કરાવી વળતર ચૂકવવાની માંગણી કરી છે. પત્રમાં જણાવ્યા મુજબ, અતિવૃષ્ટિના કારણે તાલુકાના તમામ ગામોમાં કપાસ, મગફળી, સોયાબીન અને કઠોળ જેવા પાકોને વ્યાપક નુકસાન થયું છે. ખેડૂતો હાલ મોંઘવારી અને આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યા છે. દિવાળી નજીક હોવા છતાં પાક નિષ્ફળ જવાથી ખેડૂતો તહેવારની ઉજવણી કરી શકે તેવી સ્થિતિમાં નથી. સરપંચે પત્રમાં વધુમાં જણાવ્યું કે, કુદરતી આપત્તિ સામે ખેડૂતો લાચાર બન્યા છે. આ પરિસ્થિતિમાં સરકાર તરફથી તાત્કાલિક સર્વે કરાવી ખેડૂતોને સહાય મળે તે માટે યોગ્ય કાર્યવાહી કરવાની વિનંતી કરી છે.

## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ નોંધ અરજી રજી.નં.૬૪/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી મનુભાઈ પ્રેમજીભાઈ કથીરીયા
રે.હાથીગઢ, તા.લીલીયા, જિ.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી એસ.પી. ભડકોલીયા
"વિરામ" લાઠી રોડ, લીલીયા મોટા, જી.અમરેલી, મો. ૯૮૯૮૩૧૩૮૯૪

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી- -વ- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી, હાથીગઢ, તા.લીલીયા,જિ. અમરેલી

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં લીલીયા તાલુકાના હાથીગઢ ગામના રહીશ શ્રી મનુભાઈ પ્રેમજીભાઈ કથીરીયા એ તેમના ભાઈ શ્રી રમેશભાઈ પ્રેમજીભાઈ કથીરીયાનો જન્મ હાથીગઢ મુકામે તા.૦૧/૦૬/૧૯૬૯ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી મનુભાઈ પ્રેમજીભાઈ કથીરીયા ના ભાઈના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૬૯ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૫/૧૧/૨૦૨૪ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. /૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**લીલીયા**

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં,અમરેલી//-

અપીલ અરજી નં.૩૦/૨૦૨૪

**અરજદાર :-** શ્રી ભવદીપભાઈ કાંતિભાઈ વ્યાસ,
રહે. ચિતલ રોડ, તપોવન મંદિર પાછળ, સાંઈનગર,
બ્લોક નં.૫૪/૫૫, તા/જી-અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા/જી.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં ભવદિપભાઈ કાંતિભાઈ વ્યાસએ તેમની પુત્રી વ્યાસ કૃતિ ભવદિપભાઈનો જન્મ (તા.૨૫/૧૨/૧૯૯૬)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(જી.જી. બાવીસા)**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

## -:: જાહેર નોટીસ ::-

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં. મરણ નોંધણી/અરજી નં.૪૨/૨૦૨૪

**અરજદારશ્રી:** રાઘવભાઈ ડાયાભાઈ કાતરીયા,
રે. ૧૧૪, રાધાસ્વામી સોસાયટી, પુણાગામ, ચોર્યાસી, બોમ્બે માર્કેટ, સુરત

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તકમશ્રી જાંબુડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના માતા રૂડીબેન ડાયાભાઈ કાતરીયાનું મરણ તા.૨૮/૧૦/૨૦૨૧ના રોજ મુ.જાંબુડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

# બેંગ્લુરૂમાં સાત માળની ઈમારત ધરાશાયી થતા ૬ લોકોના કરૂણ મોત



બેંગ્લોર,તા.૨૩

બેંગલુરુમાં બાબુસાપલ્યામાં એક નિર્માણાધીન સાત માળની ઈમારત ધરાશાયી થયા બાદ શોધ અને બચાવ કામગીરી દરમિયાન વધુ પાંચ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. આ મૃતદેહો મળી આવ્યા બાદ હવે અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૬ પર પહોંચી ગઈ છે. આ ઘટના મંગળવારે બની હતી, ત્યારપછી ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ, એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો ઘટનાસ્થળે રાહત કાર્ય કરી રહી છે. આ ઘટના ત્યારે બની જ્યારે બેંગલુરુમાં ભારે વરસાદ પડી રહ્યો હતો.

કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું. તેણે કહ્યું છે કે બેંગલુરુમાં આ નિર્માણાધીન ઈમારત ગેરકાયદેસર છે અને તેના માલિક સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેણે કહ્યું, "મને કહેવામાં આવ્યું હતું કે કોઈ પરવાનગી આપવામાં આવી નથી. ગેરકાયદેસર ગતિવિધિઓ ચાલી રહી છે. અમે માલિક, કોન્ટ્રાક્ટર અને તેમાં સામેલ દરેક વ્યક્તિ સામે કડક પગલાં લઈશું. બેંગલુરુમાં તમામ ગેરકાયદે બાંધકામો તાત્કાલિક બંધ કરવામાં આવશે.

# પંજાબમાં પરાળી સળગાવનારા ૯૨૦ ખેડૂતો સામે નોંધાઈ પોલીસ ફરિયાદ

વધી રહેલા વાયુ પ્રદૂષણ મામલે સુપ્રીમ કોર્ટે પંજાબ સરકારને ઠપકો આપ્યો હતો



ચંડીગઢ,તા.૨૩

પંજાબમાં પરાળી સળગાવતા ખેડૂતો પર કડકાઈની અસર દેખાવા લાગી છે. આ વર્ષે ૨૨ ઑક્ટોબર સુધીમાં, રાજ્યમાં માત્ર ૧,૫૮૧ પરાળી સળગાવવાના કેસ નોંધાયા છે. જ્યારે ૨૦૨૩માં ૧,૭૯૪ કેસ, ૨૦૨૨માં ૩,૬૯૬ અને ૨૦૨૧માં ૫,૪૩૮ કેસ નોંધાયા હતા. રાજ્યમાં પરાળી સળગાવવાની ઘટનાઓને કારણે વધી રહેલા વાયુ પ્રદૂષણને લઈને સુપ્રીમ કોર્ટે પણ ઠપકો આપ્યો હતો. ત્યારપછી સરકારે પરાળી સળગાવનાર ખેડૂતો પર કડક કાર્યવાહી શરૂ કરી છે. રાજ્યમાં માત્ર ૨૨ દિવસમાં ૯૨૦ ખેડૂતો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. કુલ ૧૧ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. તેમાંથી ૯.૭૨ લાખ રૂપિયાની વસૂલાત કરવામાં આવી છે, જ્યારે ૪૩૭ રેડ એન્ટ્રી પણ કરવામાં આવી છે. ૨૦૨૧માં સરકારે તમામ દંડ માફ કરી દીધો હતો. ૨૦૨૨માં પણ એફઆઈઆર રદ કરવામાં આવી હતી.

# અદાણી જૂથની એનર્જી સોલ્યુશન્સ લિમિટેડને સેબીએ પાઠવી નોટિસ

નવી દિલ્હી,તા.૨૩

કેટલાંક શેરહોલ્ડર્સને પબ્લિક શેરહોલ્ડર્સ તરીકે ખોટી રીતે વર્ગીકૃત કરવાની કથિત ગેરરીતિ બદલ અદાણી જૂથની પાવર ટ્રાન્સમિશન કંપની અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ (એઈએસએલ)ને બજાર નિયામક સેબીએ નોટિસ પાઠવી છે. અદાણી જૂથે નોટિસ મામલે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, અમે આ નોટિસનો સંબંધિત માહિતી અને સ્પષ્ટતા સાથે જવાબ આપીશું. જૂથની રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડને સેબી તરફથી નવી કોઈ નોટિસ મળી નથી. એઈએસએલના જણાવ્યાં અનુસાર, વર્તમાન ત્રિમાસિક ગાળા દરમિયાન અમને કેટલાંક શેરહોલ્ડર્સનું પબ્લિક શેરહોલ્ડર્સ તરીકે ખોટી રીતે વર્ગીકૃત કરવાની કથિત ગેરરીતિના મામલે અમને કારણ દર્શાવો નોટિસ મળી છે.

# ‘દાના’ વાવાઝોડુ આજે પં.બંગાળ, ઓરિસ્સા પહોંચશે : ૩૪૮ ટ્રેન રદ

ભુવનેશ્વર,તા.૨૩

આંદામાન સમુદ્રમાંથી ઉદભવેલું ચક્રવાતી તોફાન ‘દાના’ ઝડપથી બંગાળની ખાડી તરફ આગળ વધી રહ્યું છે. ચક્રવાતનો બહારનો ભાગ ઓડિશાના દરિયાકાંઠે પહોંચી ગયો છે. જેના કારણે ભદ્રક જિલ્લામાં વરસાદ શરૂ થયો છે. હવામાન વિભાગ (IMD) અનુસાર, આ વાવાઝોડાની સૌથી વધુ અસર ઓડિશા પર પડશે. તેની અસર લગભગ અડધા રાજ્યમાં જોવા મળશે. વાવાઝોડું હાલમાં ૫૦૦ કિમી દૂર છે પરંતુ તે ૧૩ કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે. IMD એ આગાહી કરી છે કે ૨૪ ઓક્ટોબરની સવાર સુધીમાં બંગાળની ખાડીમાં દાના એક ગંભીર ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ જશે. તે ઓડિશાના પુરી જિલ્લા અને પશ્ચિમ બંગાળના સાગર ટાપુ (સાઉથ ૨૪ પરગણા જિલ્લામાં) વચ્ચે ૨૪ ઓક્ટોબરની રાતથી ૨૫ ઓક્ટોબરની સવાર સુધી ગમે ત્યારે અથડાઈ શકે છે. આ સમયગાળા દરમિયાન પવનની ઝડપ ૧૨૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. પુરીમાં ૩ હજારથી વધુ પ્રવાસીઓને ઘરે મોકલવામાં આવ્યા છે. ચાર દિવસથી હોટલ બુકિંગ બંધ કરી દેવામાં આવ્યું છે. વાવાઝોડાની ગંભીર અસરની સંભાવના હોય તેવા ૧૪ જિલ્લાઓની તમામ શાળા-કોલેજો ૨૫મી સુધી બંધ કરી દેવામાં આવી છે. તે જ સમયે, સરકારી કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી છે. ઓડિશામાં લગભગ ૧૦ લાખ લોકોનું સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે. વાવાઝોડાને લઈ ૩૪૮ ટ્રેનો રદ કરી દેવામાં આવી છે.

# તુર્કીની રાજધાની અંકારામાં આતંકી હુમલો, અનેક લોકોના મોત નિપજ્યા

અંકારા,તા.૨૩



બુધવારે તુર્કીની રાજધાની અંકારામાં એરોસ્પેસ અને ડિફેન્સ કંપની TUSAS પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં અનેક લોકોના મોત થયા છે. ઘણા ઘાયલ પણ થયા છે. તુર્કીના ગૃહમંત્રી અલી યેરલિકાયાએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને આ માહિતી આપી છે. હુમલા પાછળ કોનો હાથ હતો તે હજુ સ્પષ્ટ થયું નથી. હુમલાખોરો ટેક્સીમાં આવ્યા હતા. અહીં પહોંચ્યા પછી તેઓએ બોમ્બ બ્લાસ્ટ કર્યો અને ફાયરિંગ શરૂ કર્યું હતું. સુરક્ષા દળો, એમ્બ્યુલન્સ અને ફાયર વિભાગના જવાનોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. સ્થાનિક મીડિયા અનુસાર, આ કંપનીમાં લગભગ ૧૫ હજાર લોકો કામ કરે છે.

# ઈઝરાયેલના હુમલા બાદ હિઝબુલ્લાહના બંકરમાંથી કરોડો ડોલર-સોનુ મળ્યું



તેલ અવીવ,તા.૨૩

ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધ ચાલુ છે. ઈઝરાયલની સેના હિઝબુલ્લાહની જગ્યાઓ પર સતત બોમ્બમારો કરી રહી છે. સેના તરફથી સોમવારે એવો દાવો કરવામાં આવ્યો છે કે હિઝબુલ્લાહનાં એવાં ઠેકાણાં પર પહોંચી ગઈ છે, જ્યાં ૫૦૦ મિલિયન ડોલરની રોકડ અને સોનું છુપાવવામાં આવ્યું છે. આ ખુલાસો રવિવારે રાત્રે ઈઝરાયલી એરફોર્સ દ્વારા હિઝબુલ્લાહની નાણાકીય સંપત્તિને નિશાન બનાવીને કરવામાં આવેલા હુમલા બાદ કરવામાં આવ્યો છે.

IDFના પ્રવક્તા રિયર એડમિરલ ડેનિયલ હગારીએ એક ટેલિવિઝન બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે ખજાના વિશે માહિતી હોવા છતાં તેના પર હજુ સુધી કોઈ સીધો હુમલો થયો નથી. તેમણે કહ્યું હતું કે અનુમાન મુજબ આ બંકરમાં ઓછામાં ઓછા ૫૦૦ મિલિયન ડોલરના અડધા મૂલ્યની સંપત્તિ હોઈ શકે છે. આ સંસાધનનો ઉપયોગ લેબનીઝ રાજ્યના પુનઃનિર્માણ માટે થઈ શકે છે.

# પાકિસ્તાન ઝિંદાબાદ કહેનારને હાઈકોર્ટે ખખડાવ્યો, હવે કહ્યું ‘ભારત માતા કી જય’


ભોપાલ,તા.૨૩



‘પાકિસ્તાન ઝિંદાબાદ, હિન્દુસ્તાન મુર્દાબાદ’ના નારા લગાવનાર ફૈઝલ નિસાર ઉર્ફે ફૈઝાનનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં તે જબલપુરના પોલીસ સ્ટેશન પહોંચ્યો બાદમાં તિરંગાને સલામી આપતો જોવા મળે છે. હાલમાં જ મધ્યપ્રદેશ હાઈકોર્ટે તેને ૫૦૦૦૦ ના શરતી જામીન આપતાં ત્રિરંગાને સલામી અને ભારત માતાની જય મંત્રોચ્ચારની શરત મૂકી હતી. આ મુજબ તેણે દર મહિનાનાં પહેલાં અને ચોથા મંગળવારે પોલીસ સ્ટેશન પહોંચવું પડશે અને ૨૧ વખત ત્રિરંગાને સલામી કરવી પડશે અને ‘ભારત માતા કી જય’ પણ બોલવું પડશે. જ્યાં સુધી આ કેસની સુનાવણી પૂર્ણ ન થાય ત્યાં સુધી આ અમલમાં રહેશે. આ શરતનું પાલન કરવા માટે ફૈઝાન આજે પહેલીવાર પોલીસ સ્ટેશન પહોંચ્યો અને તેણે કહ્યું, ભારત માતા કી જય. હું મારી ભૂલ કબૂલ કરું છું. હું હાઈકોર્ટનાં આદેશનું પાલન કરીશ. હું ફરીથી આવી ભૂલ નહીં કરું. પોલીસ સ્ટેશનના પ્રભારી મનીષ રાજ ભદૌરિયાએ જણાવ્યું કે, નિર્ધારિત શરતો મુજબ, પહેલો મંગળવાર હતો.

# પાકિસ્તાનનું લાહોર વિશ્વનું સૌથી વધુ પ્રદૂષિત શહેર જાહેર કરાયું

લાહૌર, તા.૨૩



પાકિસ્તાનના સાંસ્કૃતિક હબ ગણાતા શહેર લાહોરને વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર જાહેર કરાયું છે. તેનો ૩૯૪નો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ઘણો વધુ છે. સામાન્યપણે ૧૫૦થી વધુના એક્યુઆઈને સ્વાસ્થ્ય માટે જોખમી માનવામાં આવે છે. આ જોખમી સ્મોગ માટે મુખ્યત્વે ખેડૂતો દ્વારા પરાળી બાળવાની ક્રિયા તેમજ ઔદ્યોગિક ઉત્સર્જનને જવાબદાર માનવામાં આવે છે જેના કારણે સમગ્ર શહેરના રહેવાસીઓમાં ખાંસી, શ્વાસની તકલીફ અને આંખની બળતરા જેવી સમસ્યા જોવા મળી રહી છે. આ કટોકટીનો સામનો કરવા મરયમ નવાઝના નેતૃત્વ હેઠળની પંજાબ સરકારે સ્મોગના સ્તર ઘટાડવા કૃત્રિમ વરસાદ સહિત એકથી વધુ અભિયાન શરૂ કર્યા છે. વધુમાં સરકારે સ્મોગ વિરોધી ટૂકડીની રચના કરી છે જે ખેડૂતોને પરાળી બાળવાના જોખમ વિશે માહિતગાર કરશે. તેઓ પરાળીના નિકાલ માટે સુપર સીડર્સ જેવા વૈકલ્પિક પગલા સૂચવશે.

# દિવાળીનાં પર્વને લઈ જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીમાં હંગામો

ન્યુ દિલ્હી,તા.૨૩



જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના પરિસરમાં મંગળવારે વિદ્યાર્થીઓના એક સમૂહની તરફથી દિવાળી કાર્યક્રમ દરમિયાન વિવાદ સર્જાયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે, વિદ્યાર્થીઓએ પહેલાંથી સુનિશ્ચિત વિસ્તારમાં દીવા પ્રગટાવ્યા હતાં. આ દરમિયાન રંગોળી હરિફાઈનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આયોજન કરનાર વિદ્યાર્થીઓનો આરોપ છે કે, આ દરમિયાન બીજા પક્ષના લોકો આવ્યા અને રંગોળી ભૂંસી નાંખી તેમજ દીવા પણ ઓલવી દીધા. ત્યારબાદ જામિયા પરિસરમાં હંગામો શરૂ થઈ ગયો. આ દરમિયાન બંને પક્ષના લોકો વચ્ચે જોરદાર મારપીટ પણ થઈ.

# બાબા સિદ્દીકીની હત્યામાં થયો ખુલાસો લોરેન્સના ભાઈના સંપર્કમાં હતા શૂટર્સ

મુંબઈ,તા.૨૩



મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને NCP નેતા બાબા સિદ્દિકીની હત્યાના મામલે તપાસ દરમિયાન પહેલીવાર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈની શૂટર સાથે સીધી લિંક મળી ગઈ છે. મળતી માહિતી મુજબ, હત્યા કરનાર શંકાસ્પદ ત્રણ શૂટર્સે હત્યા પહેલાં એક ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ (સ્નેપચેટ) દ્વારા જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈ સાથે વાતચીત કરી હતી. અનમોલ બિશ્નોઈ પણ એક શૂટર અને સમગ્ર ઘટનાનું કાવતરૂં રચનાર પ્રવીણ લોનકરના સંપર્કમાં હતો. અનમોલ કેનેડા અને અમેરિકાના આરોપીઓના સંપર્કમાં હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીઓ પાસેથી ચાર મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા છે.

# દિલ્હી-જયપુર હાઈ-વે પર ટ્રક-બસ વચ્ચે અકસ્માત, ૩ના મોત


જયપુર,તા.૨૩




રાજસ્થાનના અલવર જિલ્લામાં બુધવારે સવારે દિલ્હી-જયપુર નેશનલ હાઈવે-૪૮ પર બસ અને ટ્રક વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો. જેમાં બે મહિલાઓ સહિત ત્રણ લોકોના મૃત્યુ થતાં ખળભળાટ મચી ગયો હતો. આ અકસ્માતમાં ૧૦ લોકો ઘાયલ થયા હતા. જેમાંથી ઘણાની હાલત નાજુક છે એટલે મૃત્યુઆંક પણ વધી શકે છે. દિલ્હી-જયપુર નેશનલ હાઈવે-૪૮ પર કોટપુતલી પાસે બુધવારે સવારે એક સ્લીપર બસ દિલ્હીથી જયપુર જઈ રહી હતી ત્યારે આગળ જઈ રહેલા ટ્રક સાથે તેની ટક્કર થઈ ગઈ હતી. આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ૧૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોની હાલત નાજુક હોવાથી તેમને કોટપુતલી જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માત સમયે બસમાં લગભગ ૪૬ મુસાફરો હાજર હતા. બધા મુસાફરો ઊંઘતા હતા અને અચાનક ધડાકાભેર ટક્કર થઈ. બસમાં મુસાફરી કરી રહેલા ઘાયલ લોકોએ જણાવ્યું કે અમે સવારે લગભગ ૭.૩૦ વાગ્યે બસમાં સૂઈ રહ્યા હતા. ત્યારે જોરદાર વિસ્ફોટ થયો અને અમે જોયું કે બસની ટ્રક સાથે ટક્કર થઈ હતી. ત્યારપછી બસમાં મુસાફરી કરી રહેલી મહિલાઓ અને બાળકોમાં ચીસાચીસ મચી ગઈ હતી. પૂરપાટ ઝડપે બસ દોડતી હોવાને કારણે જ અકસ્માત સર્જાયો હોવાની આશંકા છે.

# પ્રયાગરાજમાં કુંભમેળામાં આઝાદી માટે બલિદાન આપનાર શહીદોની ગાથા જોવા મળશે

લખનૌ,તા.૨૩



ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકાર પ્રયાગરાજમાં યોજાનાર મહાકુંભને ખૂબ જ ભવ્ય બનાવવા માટે કોઈ કસર છોડી રહી નથી. આ વખતનો મહાકુંભ ઘણી રીતે ખાસ અને અલગ રહેવાનો છે. મહાકુંભમાં એક તરફ સનાતન પરંપરાઓ જોવા મળશે, તો બીજી તરફ ધર્મ અને આધ્યાત્મિકતાની સાથે દેશની આઝાદી માટે બલિદાન આપનાર અજાણ્યા શહીદોની ગાથા પણ જોવા મળશે. આ માટે સિવિલ લાઈન્સમાં એક શહીદ દિવાલ બનાવવામાં આવી રહી છે જેમાં તેમની વાર્તાઓ કોતરવામાં આવી છે. યોગી સરકારે શહીદ ચંદ્રશેખર આઝાદના શહીદ સ્થળ પ્રયાગરાજમાં અનામી શહીદોની યાદમાં ‘શહીદ દિવાલ’નું નિર્માણ કર્યું છે, જેને હવે અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. સરકારે લગભગ ૩.૫ કરોડ રૂપિયાના ખર્ચે આ ૧૦૮ મીટર લાંબી દિવાલ બનાવી છે. જેને શહીદ દિવાલ નામ આપવામાં આવ્યું છે. જેમાં અનામી શહીદોની પ્રતિમાઓ સાથે તેમના વિશે પણ માહિતી આપવામાં આવી છે.

## ઓક્ટોબર માસ દરમ્યાન કમોસમી વરસાદમાં થયેલ નુકસાનીમાં અમરેલી સહિત ૧૫ જિલ્લાઓનો ત્રીજા ફેજમાં સમાવેશ

# ઓગસ્ટ માસમાં થયેલ પાક નુકસાનીમાં ૧૪૧૯.૬૨ કરોડના રાહત પેકેજની જાહેરાત

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતના ખેડૂતોને રાહત પેકેજની જાહેરાત કરાઈ છે. કેબિનેટ બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો છે. ખેડૂતોને પાક નુકસાનીમાં ૧૪૧૯.૬૨ કરોડની સહાયના રાહત પેકેજની જાહેરાત કરાઈ છે. કેબિનેટ બેઠકમાં અતિવૃષ્ટિમાં પાક નુકસાની બાબતે ચર્ચા થઈ હતી. પાક નુકસાની અને રાસાયણિક ખાતરની અછત બાબતે કેબિનેટમાં ચર્ચા વિચારણા કરાઈ હતી. ઓગસ્ટ-૨૦૨૪માં થયેલ ભારે વરસાદના પરિણામે પાક નુકસાન થયેલ હતું. જે સંદર્ભે ખેડૂતોને રાહત આપવા રાજય સરકાર દ્વારા ખાસ પેકેજ જાહેર કરવામાં આવેલ છે. આ પેકેજ દ્વારા સરકારે કુલ રૂ.૧૪૧૯.૬૨ કરોડની સહાય ખેડૂતોને ચુકવવાનો નિર્ણય કરેલ છે. જેમાં એસડીઆરએફ ઉપરાંત રાજય સરકારે પોતાના ભંડોળમાંથી નુકસાનની તીવ્રતા ધ્યાને લઈ રાજય બજેટમાંથી વધારાની રકમ ચૂકવવા નિર્ણય કરેલ છે. ઓગસ્ટ માસના આ પેકેજમાં પંચમહાલ, નવસારી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, ખેડા, આણંદ, વડોદરા, મોરબી, જામનગર, કચ્છ, તાપી, દાહોદ, રાજકોટ, ડાંગ, અમદાવાદ, ભરૂચ, જૂનાગઢ, સુરત, પાટણ અને છોટાઉદેપુર એમ ૨૦



જિલ્લાના ૧૩૬ તાલુકાના કુલ ૬૮૧૨ ગામોનો સમાવેશ થયેલ છે. આ પેકેજ દ્વારા રાજયના ૭ લાખથી વધુ ખેડૂતોને આવરી લીધેલા છે. ઓક્ટોબર માસમાં થયેલ કમોસમી વરસાદથી પાક નુકસાની સામે સહાય ચૂકવવા રજૂઆતો મળેલ છે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં આ માસમાં પાક નુકસાનના પ્રાથમિક અહેવાલ મળેલ છે. જેમાં દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ, સુરત, તાપી તેમજ મધ્ય અને ઉત્તર ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, આણંદ, અમદાવાદ અને સૌરાષ્ટ્રના અમરેલી, બોટાદ, ભાવનગર, જામનગર રાજકોટ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓનો સમાવેશ થાય છે. જેમાં મુખ્ય અસરગ્રસ્ત પાકો મગફળી, ડાંગર, કપાસ, સોયાબીન કઠોળ અને શાકભાજી છે. આ કિસ્સાઓમાં પણ સત્વરે નિયમ અનુસાર કાર્યવાહી હાથ ધરાયેલ છે. તદનુસાર ઓક્ટોબર માસ માટે સહાય પેકેજ માટે અમલવારી કરવામાં આવનાર છે.

## એકલતાનો લાભ લઈ પ્રેમિકાએ પ્રેમીને ઘરે બોલાવ્યો હતો જેની જાણ યુવતીના પરિવારજનોને થઈ હતી

# બારપટોળી ગામે પ્રેમિકાને મળવા ગયેલા પ્રેમી સહિત બે પર હુમલો, મિત્રનું મોત

**યુવતીના પરિવારજનોએ પ્રેમીના મિત્ર પર જીવલેણ હુમલો કરતા ભાવનગર હોસ્પિટલમાં દમ તોડયો**

અમરેલી,તા.૨૩

રાજુલા તાલુકાના જૂની બારપટોળી ગામ પાસે એક યુવકની હત્યા નિપજાવી દેવાતા ચકચાર મચી છે. મૃતક યુવાનના મિત્રને જૂની બારપટોળી ગામની યુવતી સાથે પ્રેમસંબંધ હોવાથી બનાવની રાત્રે બંને પ્રેમિકાને મળવા માટે જૂની બારપટોળી ગામ આવ્યા હતા. ત્યારે જ યુવતીના પરિવારજનો સહિતના લોકોએ લાકડી અને પાઈપથી હુમલો કરતા પ્રેમી યુવક ત્યાંથી જીવ બચાવી નાસી છૂટ્યો હતો. પરંતુ, તેની સાથે



આવેલો તેનો મિત્ર ગંભીર રીતે ઘાયલ થતા તેનું મોત નિપજ્યું હતું. રાજુલા તાલુકાના જૂની બારપટોળી ગામમાં રહેતી એકતા લાખણોત્રા નામની યુવતીને નાગભાઈ વણઝર સાથે પ્રેમસંબંધ હતો. બનાવની રાત્રે એકતાએ નાગભાઈને મળવા માટે બોલાવ્યો હતો. જેથી નાગભાઈ તેના મિત્ર મનુભાઈને પણ સાથે લઈ ગયો હતો. મનુ અને નાગભાઈ બંને જૂની બારપટોળી જઈ રહ્યા હતા ત્યારે જ રસ્તામાં એકતાના પરિવારજનો સહિત અન્ય લોકોએ કાવતરું ઘડી બંને મિત્રો પર હુમલો કર્યો હતો. જેમાં પ્રેમી યુવક નાગભાઈ તો ત્યાંથી નાસી છૂટ્યો હતો. પરંતુ, મનુભાઈ મકવાણા પર તમામ લોકોએ લાકડી અને પાઈપ વડે હુમલો કરતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને તાત્કાલીક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી ભાવનગર સરટી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનમાં મૃતક મનુભાઈ મકવાણાના પિતા ભોપાભાઈએ ફરિયાદ આપતા રાજુલા પોલીસ સ્ટેશનમાં આરોપી એકતાબેન હમીરભાઈ લાખણોત્રા, કનુભાઈ બાબુભાઈ લાખણોત્રા, નાગભાઈ વાસુરભાઈ વાઘ સહિત અજાણ્યા ૫ જેટલા ઈસમો સામે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખેડૂતો માટે રાહત પેકેજમાં અમરેલી જિલ્લાને ઠેંગો : પ્રતાપ દુધાત

અમરેલી,તા.૨૩



રાજય સરકારે આજે મળેલી કેબિનેટની બેઠકમાં અમરેલી જિલ્લાને બાદ કરી રાજયના ૨૦ જિલ્લા માટે રાહત પેકેજ જાહેર કરતા ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. આ અંગે અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે રોષ સાથે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે મગફળી, સોયાબીન, કપાસ સહિતના પાકોનો સોથ વળી ગયો છે. ખેડૂતોને દિવાળી ટાણે હોળી જેવો ઘાટ સર્જાયો છે. જિલ્લાના ધારાસભ્યોએ અમરેલી જિલ્લાના ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર થાય તેવી રજૂઆત કરી હતી પરંતુ રાજય સરકારે હાલ જાહેર કરેલ રાહત પેકેજમાં અમરેલી જિલ્લાને ઠેંગો બતાવ્યો છે. જો કે રાજય સરકાર તરફથી આ રાહત પેકેજ ઓગષ્ટ મહિનાનું હોવાનું જણાવ્યું હતું. હાલ તો અમરેલી જિલ્લાના ખેડૂતો રાહત પેકેજ કયારે જાહેર થાય તેના પર મીટ માંડીને બેઠા છે.

# દિવાળી પછીના પડતર દિવસે રજા જાહેર કરતી રાજય સરકાર

અમદાવાદ,તા.૨૩

દિવાળીના તહેવારને ગણતરીના દિવસો બાકી છે, ત્યારે સરકારી કર્મચારીઓ માટે દિવાળીની રજાને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. આ વખતે ૩૧ ઓક્ટોબરના ગુરૂવારે દિવાળી છે. ત્યારે દિવાળી અને બેસતા વર્ષ વચ્ચે આવતા પડતર દિવસે રજા જાહેર કરવામાં આવી છે. દિવાળી બાદ આવતા પડતર દિવસે એટલે કે શુક્રવારે સરકારી કચેરીઓ ચાલુ રાખવામાં આવી હતી. જોકે, હવે સરકારે ૧ નવેમ્બર ૨૦૨૪ના શુક્રવારના કચેરી બંધ રાખી તેના બદલામાં ૯ નવેમ્બર ૨૦૨૪ના બીજા શનિવારના રોજ કચેરીઓ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા કેલેન્ડર વર્ષ ૨૦૨૪ માટે જાહેર રજાઓ જાહેર કરવામાં આવી છે. તે મુજબ તા. ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ના ગુરૂવારના રોજ દિવાળીની જાહેર રજા છે. ત્યાર બાદ તા. ૨ નવેમ્બર ૨૦૨૪ના શનિવારના રોજ નૂતન વર્ષ દિન નિમિત્તે જાહેર રજા તથા તા. ૩ નવેમ્બર ૨૦૨૪ના રોજ ભાઈબીજ નિમિત્તે જાહેર રજા આવે છે. જ્યારે આ રજાઓ વચ્ચે ૧ નવેમ્બર ૨૦૨૪ શુક્રવારના રોજ સરકારી કચેરીઓ ચાલુ છે.











